બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**મે-૨૦૨૨**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૫, સળંગ અંક : ૨૨૦



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


**અનુક્રમણિકા**


| | | |
|---|---|---|
| 01 | **દુઆ મોમિનનું હથિયાર છે !** | 04 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 14 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 17 |
| 06 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 21 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 24 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ : ૨) | 26 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 29 |
| 08 | તસવ્વુફ (સૂફીપણુ) ઔર મખ્દૂમ સમ્નાની رحمۃ اللہ علیہ | 33 |
| 08 | ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | 37 |
| 08 | પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક વાતો | 42 |
| 08 | શ્રી લંકાની હાલની સ્થિતિ પરથી આપણે બોધ લેવો જોઈએ | 47 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## નબી સરવરે હર રસૂલો વલી હૈ

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે મઅ્લ્લાહિ લી હૈ
વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અ્લીમો અ્લી હૈ

હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રેહ રવે લા મકાં કી ગલી હૈ

નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝ્ઝત મિલી હૈ

તલાતુમ હૈ કશ્તી પે તુફાન ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ

ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ

તેરે ચારોં હમ દમ હૈં યકજાન યકદિલ
અબૂ બક્ર ફારૂક ઉષ્માન અલી હૈ

જો મકસદ ઝિયારતકા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કીજીયે યે કસ્દે દિલી હૈ

તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહ ખ્વાં હર નબીયો વલી હૈ

શફાઅત કરે હશ્ર મેં જો **'રઝા'** કી
સિવા તેરે કિસ કો યે કુદરત મિલી હૈ

તંત્રી લેખ...



# દુઆ મોમિનનું હથિયાર છે !

દુઆની ઘણી ફઝીલત છે. મુસીબતનો સમય હોય કે રાહતનો સમય, બંદાએ હમેશાં પોતાના રબથી તેનો ફઝ્લો કરમ માગતા રહેવું જોઈએ. દુઆ ઈબાદતનું મગજ છે. એમાં બંદગીનું પ્રદર્શન છે એટલા માટે સર્વ અંબિયા ખાસ કરીને હુઝૂર સૈયદુલ અંબિયા ﷺએ દુઆ માગી છે. પણ ઈમ્તેહાનના સમયે રઝા બિલ કઝા અફઝલ છે, એટલા માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ નમરૂદની આગમાં જતી વખતે દુઆ ન માગી, બલ્કે હઝરત જિબ્રઈલના અર્ઝ કરવા ફર્માવ્યું : کفانی عن سوالی علمہ بحالی (અલ્લાહ મારી હાલત જાણે છે, મારે દુઆ કરવાની પણ હાજત નથી) ઈમામે હુસૈન رضی اللہ عنہએ જંગથી બચવાની દુઆ નથી કરી, બલ્કે સબ્રથી આઝમાઈશને પાર પાડીને શહાદત વહોરી અને દીને ઈસ્લામને ઝિંદા રાખ્યો. પણ સામાન્ય સંજોગોમાં ખાસ આપણા જેવા બંદાઓએ રબ તઆલાથી દુઆ કરતા રહેવું જોઈએ. વર્તમાન સમયમાં મુસલમાનોને ઠેક ઠેકાણે ગૈરો તરફથી તકલીફો આપવામાં આવી રહે છે અને ભવિષ્યમાં અશુભ થવાના માટે જાણે વાદળો મંડરાય રહ્યાં છે એવા સમયે તેના પ્રતિકાર માટે શક્ય તે તદબીર સાથે સાથે રબથી દુઆને પણ હથિયાર બનાવવામાં આવે, કે રબ તઆલાથી અધિક શક્તિવાન કોઈ નથી તો તેના પર પૂરો ભરોસો કરીને નબી વલીના વસીલાથી દુઆ કરવા રહેવું જોઈએ.

## ★ રબથી દિલના યક઼ીનની સાથે દુઆ કરો ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ દુઆ માગે તો એવું ન કહે, ઈલાહી ! જો તું ચાહે તો મને બખ્શી આપ, જો તું ચાહે તો મારા પર રહમ કર, જો તું ચાહે તો મને રોજી આપ બલ્કે પૂરા નિશ્ચયપૂર્વક દુઆ માગે, કેમ કે રબ તઆલા જે ચાહે છે તે કરે છે, એને કોઈ મજબૂર નથી કરી શકતું. *(બુખારી)*

રબને ત્યાં દિલનું આકર્ષણ તથા આજીજી જોવામાં આવે છે, જેથી પૂરા યક઼ીનની સાથે દુઆ કરો, ઢીલી પોચી નિય્યતથી નહીં, અને એમ નહીં કે તું ચાહે તો આવુ કર ને તું ચાહે તો તેવુ કર ! બલ્કે પૂરા યક઼ીનથી તમારી તમન્ના જાહેર કરો, કેમ કે અલ્લાહને ત્યાં મજબૂરી નથી બલ્કે તે ચાહે તે કરી શકે છે, તે તો દરેક ચીજ પર ક઼ાદિર છે, પછી કેમ આપણે આપણી મુરાદ યક઼ીનની સાથે ન માગીએ.

બીજી હદીષમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું , જ્યારે તમારામાંથી કોઈ દુઆ માગે તો એવું ન કહે કે ઈલાહી ! જો તું ચાહે તો મને બખ્શી આપ. પરંતુ નિશ્ચય કરે અને ખૂબ જ લાલચ કરે. કેમ કે રબ તઆલાની નજીક કોઈ ચીજ મોટી નથી, જે ચાહે આપી દે. *(મુસ્લિમ)*

જે ચીજ આપણા માટે મુશ્કિલથી મુશ્કિલ છે તે રબ તઆલા માટે આસાન છે. **જો સર્વ જહાનની સર્વ તમન્નાઓ પૂરી કરી આપે તો એ સર્વ તેના કરમના સમંદરના એક ટીપા બલ્કે તેનાથી પણ ઓછુ છે.** તેના કુન ફર્માવી દેવામાં આપણો બેડો પાર છે.

## ★ કેવી રીતે દુઆ ન માગવી અને દુઆમાં દિલ તંગ ન કરવું ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બંદાની દુઆ ક઼બૂલ થાય

Web.: www.barkatekhwaja.net

છે જ્યાં સુધી ગુનાહ કે સગાંથી સંબંધ કટ કરવાની દુઆ ન માગે[1]. જ્યાં સુધી કે ઉતાવળથી કામ ન લે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ ઉતાવળ શું છે ? ફર્માવ્યું, એ કે કહે, મેં દુઆ માગી પણ મને ઉમ્મીદ નથી કુબૂલ થાય ! જેથી એના પર દિલ તંગ થઈ જાય અને દુઆ માગવાનું છોડી આપે[2]." *(મુસ્લિમ)*

જાણવા મળ્યું કે ગુનાહની દુઆ ન માગે કે હે ખુદા ! મને શરાબ પીવાનું નસીબ કર અથવા ફલાણાને કત્લ કરી દેવાનો મોકો આપ. તેમજ જે સંબંધોને જોડવાનો હુકમ છે તેને તોડવાની દુઆ ન કરે, કે ખુદા યા ! મને મારા બાપથી દૂર રાખ. અહીં મિર્કાતે ફર્માવ્યું કે અશક્ય ચીજોની દુઆ માગવુ પણ મના છે. જેવી રીતે કે ખુદા મને દુનિયામાં આંખો વડે તારા દીદાર કરાવી દે, ફલાણા મુસલમાનને હમેશાં દોઝખમાં રાખ અથવા ફલાણા કાફિરને બખ્શી દે. એટલા માટે કે **કાફિરો તથા મુર્તદોને મર્હૂમ, મગફૂર કે رحمۃ اللہ علیہ કહેવું જુર્મ છે.** મતલબ હદીષનો એ છે કે દુઆની કુબૂલિયતની એક શર્ત એ છે કે નાજાઈઝ ચીજોની દુઆ ન કરે, નહીં તો કુબૂલ થશે નહીં.

દુઆ કુબૂલ થવાની બીજી શરત એ છે કે જો દુઆ કુબૂલ થવામાં વાર લાગે તો દિલ સંકૂચિત (તંગ) ન થાય ન નિરાશ. જુઓ હઝરત મૂસા તથા હારૂન علیہما السلامની દુઆ કે ખુદા ફિરઔનને હલાક (નષ્ટ) કરી દે, જે ચાલીસ વરસો પછી કુબૂલ થઈ. એટલે કે કુબૂલિયતનું પ્રદર્શન આટલા અરસા પછી થયું. યાકૂબ علیہ السلام યૂસુફ علیہ السلامના વિરહમાં ચાલીસ કે એંસી વરસો સુધી રડયા પણ રબ તઆલાની રહમતથી નિરાશ ન થયા, બલ્કે પોતાનાં બાળકોને કહ્યું, وَلَا تَايْـَٔسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ "બાળકો ! અલ્લાહની રહ્મતથી નિરાશ ન થાવ." (સૂરએ યૂસુફ, ૧૨/૮૭) સારાંશ કે **દરેક કામનો એક સમય છે. દુઆ માગતો રહે, માગવું બંદાનું કામ છે અને આપવું રબ તઆલાનું કામ છે.** પોતાના કામને તેના કામ પર મૌકૂફ ન કરે.

## ★ પીઠ પાછળ થતી દુઆ જરૂર કુબૂલ થાય છે ★

"હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનની પોતાના મુસલમાન ભાઈના માટે તેની પીઠ પાછળની દુઆ જરૂર કુબૂલ છે. તેના માથાની પાસે ફરિશ્તો નિયુક્ત હોય છે કે તે જ્યારે પોતાના ભાઈના માટે દુઆએ ખૈર કરે છે તો નિયુક્ત થયેલ ફરિશ્તો કહે છે, આમીન ! અને તને પણ એના જેવું મળે." *(મુસ્લિમ)*

કોઈની સામે એના માટે દુઆ કરવામાં ચાપલૂસી, ખુશામદ, રિયા વગેરેની સંભાવના છે, પણ પીઠ પાછળની દુઆમાં એવી કોઈ સંભાવના નથી, એમાં ઈખ્લાસ જ હશે. એટલા માટે પીઠ પાછળની શરત રાખી. એનાથી જાણવા મળ્યું કે મુસલમાન ભાઈની ખિદમત બેહતરીન ઈબાદત છે, અને તેનું ભલુ ઈચ્છવું (ખૈર ખ્વાહી) બેહતરીન અમલ છે.

આ આમીન કહેનાર ફરિશ્તો કોઈ અન્ય ફરિશ્તો છે કે જેની જિમ્મેદારીમાં એ જ ખિદમત છે કે આવી દુઆઓ પર આમીન કહ્યા કરે. મુહાફિઝ કે અમલ લખનાર ફરિશ્તો નથી. એ ફરિશ્તા તો ડાબે જમણે દરેક સમયે રહે છે. તમે મુસલમાન ભાઈના માટે દુઆ કરો તો ફરિશ્તો તમારા માટે દુઆ કરશે. જો તમારે ફરિશ્તાની દુઆ લેવી છે તો અન્યોને દુઆ આપો. અમુક બુઝુર્ગ જ્યારે કોઈ દુઆ કરવા ચાહે છે તો પ્રથમ અન્ય લોકો માટે દુઆ કરે છે અને પોતાના માટે પણ એમાં બહુવચનના સેગા (સૂચક) સાથે દુઆ કરે છે. આ અમલોનો માખઝ આ હદીષ છે. આ અમલ પણ છે કે પ્રથમ પોતાના માટે દુઆ કરી લે પછી બીજાઓના માટે. ربِّ اغفرلی و لوالدیّ

Web. www.barkatekhwaja.net

## ★ ઔલાદ માટે ભૂલથી પણ બદદુઆ ન કરો ! ★

"હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ન પોતાની જાનો પર બદ્ દુઆ કરો અને ન પોતાની ઔલાદ પર અને ન પોતાના માલો પર. એવું ન બને કે સંજોગોવસાત તે એવી ઘડી હોય જેમાં અલ્લાહથી જે માગવામાં આવે તે મળે અને તમારી એ જ દુઆ કૂબૂલ થઈ જાય." *(મુસ્લિમ)*

મતલબ એ છે કે ગુસ્સા અથવા જુસ્સામાં પોતાની જાન, ઔલાદને ન કોસો. માલ, જાનવર વગેરેની બર્બાદીની દુઆ ન કરી બેસો. આ હદીષથી તે લોકો બોધ લે જેઓ આવી બદ્દુઆના આદી બની ચૂક્યા છે. વાત વાતમાં કહે છે મરી જઉં તો નાબૂદ થાય, તને સાપ કરડે, તને ગોળી વાગે, મઆઝલ્લાહ ! અને જો કોઈ એવી દુર્ઘટના બની જાય તો પછી માથુ પકડીને રડે છે.

એ પણ જાણવા મળ્યું કે કૂબૂલિયતની ઘડી કેવળ જુમ્આ અથવા શબે કૂદ્ર કે આખરી રાતમાં જ નથી બલ્કે અન્ય સમયમાં પણ હોય છે. પણ કદી કદી તો દરેક ઘડીમાં સંભાવના છે કે તે કૂબૂલિયતની હોય, એટલા માટે હમેશાં સારી દુઆઓ જ માગે, કદી બદ્દુઆ મોંઢેથી ન કાઢે.

## ★ દુઆથી આવેલી તથા આવનારી બલા ટળી જાય છે ★

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દુઆ નાઝિલ થયેલી આફતમાં પણ લાભકારક છે અને એ બલામાં પણ જે ન ઉતરી હોય. તો હે અલ્લાહના બંદાઓ ! દુઆને મજબૂતીથી પકડો." *(તિર્મિઝી)*

એટલે કે દુઆના બે ફાયદા છે : એક એ કે એની બરકતથી આવેલી બલા ટળી જાય છે. બીજુ એ કે આવનારી બલા રોકાઈ જાય છે. જેથી કેવળ બલા આવવા પર જ દુઆ ન કરો બલ્કે દરેક સમયે દુઆ માગો, કદાચ કોઈ બલા આવનારી હોય તો એ દુઆથી રોકાય જાય. દુઆના માટે બલા આવવાની રાહ ન જુઓ કે જ્યારે આફત આવશે તો દુઆ માગી લઈશું. ઈમામ ગિઝાલી ફર્માવે છે કે જેવી રીતે ઢાલ હથિયારનો વાર રોકી દે છે અને જેવી રીતે પાણી લાગેલી તરસને મિટાવી દે છે, એટલે કે ઢાલ અને પાણી એના સબબો છે એ જ પ્રમાણે **દુઆ આવેલી બલાનો વાર રોકી લે છે અને લાગેલી આગને બુઝાવી દે છે.** સબબો પણ રબ તઆલાની તરફથી છે અને સબબો પેદા કરનાર પણ તે જ છે. રબ તઆલા ફર્માવે છે : وَلْيَأْخُذُوْٓا اَسْلِحَتَهُمْ (અને જોઈએ કે પોતાની પનાહ અને પોતાનાં હથિયાર લઈને રહે." સૂરએ નિસાઅ્, ૪/૧૦૨) જંગમાં પોતાનો બચાવ તથા હથિયાર લઈને જાવ. જેથી દુનિયામાં પણ માણસ દુઆઓનો બચાવ અને નેક અમલનાં હથિયાર લઈને રહે, નહીં તો આફત કચડી નાખશે.

## ★ દુઆની કૂબૂલિયતની કેટલીક સ્થિતિઓ ★

"હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ દુઆ માગે તો જરૂર અલ્લાહ તઆલા તેની મોં માગ્યી મુરાદ આપે છે, અથવા એના જેવી કોઈ આફત દૂર કરી દે છે જ્યાં સુધી ગુનાહ કે કતએ રહમી (સગાઈ કટ કરવાની) દુઆ ન કરે." *(તિર્મિઝી)*

આ હદીષ આ આયતની તફસીર છે કે اُدْعُوْنِيْٓ اَسْتَجِبْ لَكُمْ "મારાથી દુઆ કરો હું તમારી દુઆ કૂબૂલ કરીશ." (સૂરએ ગાફિર, ૪૦/૬૦) આ હદીષે બતાવ્યું કે દુઆની કૂબૂલિયતની કેટલીક સ્થિતિઓ છે : **એક** છે મોં માગી મુરાદ

web : www.barkatekhwaja.net

મળી જવી. **બીજી** એના જેવી આફત ટળી જવી. દા.ત. કોઈને ત્યાં સો રૂપિયાની ચોરી થવાની હતી. એણે અલ્લાહને દુઆ કરી કે, ખુદા યા ! મને સો રૂપિયા આપી દે. તેને સો રૂપિયા તો ન મળ્યા પણ એટલી ચોરી ટળી ગઈ. સાંરાશ દુઆ બેકાર ન થઈ. જેથી માગ્યી મુરાદ ન મળવા પર દિલ તંગ (સંકૂચિત) ન કરવું, કેમ કે અમુક મુરાદો ન મળવી આપણા માટે બેહતર હોય છે.

## ★ રબથી તેનો ફઝ્લ માગો, અદ્લ નહીં ! ★

"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાથી તેનો ફઝ્લ માગે કે અલ્લાહ તઆલા માગવાને પસંદ કરે છે. અને બેહતરીન ઈબાદત રાહતનો ઈન્તેઝાર છે. *(તિર્મિઝી)*

રબથી તેનો અદ્લ ન માગો, નહીં તો બર્બાદ થઈ જશો. અદ્લ તે છે જે કામના બદલામાં આપવામાં આવે. ફઝલ તે છે જે બદલા રૂપે નહીં પણ કેવળ મહેરબાનીથી આપવામાં આવે. જો રબ તઆલા અદ્લ કરે તો આપણે ગુનેહગાર મોટી સજાના પાત્ર છીએ, ફઝ્લ કરે અને બખ્શી આપે તો તેની મહેરબાની છે.

## ★ કેવળ મુસીબતમાં નહીં ! હમેશાં દુઆ માગતા રહો ! ★

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ચાહે કે મુસીબતોના સમયે અલ્લાહ તેની દુઆ ક઼બૂલ કરે તે આરામના જમાનામાં દુઆઓ અધિક માગ્યા કરે." *(તિર્મિઝી)*

જાહેર છે કે કેવળ મુસીબતમાં દુઆ માગવી અને રાહતમાં રબ તઆલાથી ગાફેલ થઈ જવું એ સ્વાર્થીપણુ છે. અને દરેક વખતે દુઆ માગવી અ઼બ્દિયત છે. રબને ખુદગર્ઝી (સ્વાર્થીપણુ) નાપસંદ છે, બંદાપણુ પસંદ છે. ખુદ ફર્માવે છે : وَاِذَآ اَنۡعَمۡنَا عَلَى الۡاِنۡسَانِ اَعۡرَضَ وَنَاٰ بِجَانِبِهٖ‌ۚ وَاِذَا مَسَّهُ الشَّرُّ فَذُوۡ دُعَآءٍ عَرِيۡضٍ (અને જ્યારે અમે માણસ પર એહસાન કરીએ છીએ તો મોં ફેરવી લે છે અને પોતાની તરફ દૂર હટી જાય છે, અને જ્યારે તેને તકલીફ પહોંચે છે પહોળી દુઆવાળો છે. –સૂ. ફુસ્સિલાત, ૪૧/૫૧) એ જ પ્રમાણે સ્વાર્થીનો હશ્ર (અંજામ) એ થાય છે કે રબ તઆલા ફર્માવે છે, એના પર મુસીબત રહેવા દો જેથી તે એ બહાને મારા દરવાજા પર હાજર રહે.

## ★ દુઆમાં હથેળીઓ આસ્માન તરફ ફેલાવો પછી મોં પર હાથ ફેરવો ★

"હઝરત માલિક ઈબ્ને યસારથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે અલ્લાહથી દુઆ માગો તો હથેળીઓથી માગો, હાથોની પીઠોથી ન માગો."

**દુઆના સમયે હથેળીઓ આસ્માનની તરફ ફેલાવો, અને હાથોની પીઠ જમીનની તરફ રાખો, કેમ કે માગનારો દાતાની સમક્ષ હથેળીઓ જ ફેલાવે છે.** તેમજ એમાં આજીજીનું અધિક પ્રદર્શન છે. હા ! જે દુઆઓમાં કાંઈ માગવામાં આવે, કોઈ આફતથી બચવામાં આવે ત્યાં સુન્નત એ છે કે પ્રથમ તો હથેળીઓ ફેલાવો અને પછી આસ્માનની તરફ હાથોની પીઠો કરો. નબી કરીમ ﷺ નમાઝે ઈસ્તિસ્ક઼ા પછી એવી જ રીતે દુઆ માગતા હતા. આ હાથ પલટવામાં એ નિર્દેશ કરવું કે મૌલા ! દુનિયાનો હાલ બદલી નાખ. સૂકામાંથી લીલોતરી કરી દે, દુકાળથી સમૃદ્ધતા કરી દે, મોંઘવારીથી સોંઘવારી કરી દે.

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની રિવાયતમાં આ પ્રમાણે છે કે, અલ્લાહથી દુઆ કરો હથેળીઓ ફેલાવીને

Web: www.barkatekhwaja.net

ન હાથની પીઠ વડે. પછી જ્યારે ફારિગ થઈ જાવ તો મોં પર હાથ ફેરવી લો[1]." *(અબૂ દાઊદ)*

કેમ કે **ફેલાયેલા હાથો પર અલ્લાહની રહ્‌મત ઉતરે છે. એ હાથોને મોં પર ફેરવી લેવાથી રહમત મોં પર પહોંચી જાય છે.** આ અમલી સુન્નત પણ છે. સુન્નતના અનુસરણમાં બરકત છે. *(મિર્કાત)*

"હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "તમારો રબ હયાવાળો છે, એનાથી હયા કરે છે કે બંદો એની બારગાહમાં હાથ ઉઠાવે અને તે એને ખાલી પરત કરે !

*(તિર્મિઝી, અબૂ દાઊદ, બયહકી, દઅવાતુલ કબીર)*

એમાં હાથ ફેલાવવાની હિકમતનું વર્ણન છે. ઈન્શા અલ્લાહ ! ફેલાયેલા હાથ રબની બારગાહથી ખાલી પરત નહીં થાય. યાદ રાખશો કે રબ તઆલા હયા શરમ વગેરેના જાહેરી અર્થથી પાક છે, એના માટે એ ચીજોનું પરિણામ મુરાદ છે. એટલે કે અલ્લાહ તઆલા એવું કરતો નથી કે બંદાના ફેલાયેલા હાથોને ખાલી ફેરવે. એનો અર્થ અમે વર્ણવી ચૂક્યા છીએ કે અલ્લાહ તઆલા માગનારને જરૂર આપે છે, ચાહે એ રીતે કે તેની મુરાદ પૂરી કરી આપે, અથવા એ રીતે કે તેની કોઈ આફત ટાળી દે અથવા એ રીતે કે દરજા બુલંદ કરી આપે.

"હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે દુઆમાં પોતાનો હાથ ઉઠાવતા તો મોંઢા પર ફેરાવ્યા વિના નીચે ન કરતા." *(તિર્મિઝી)*

**દુઆમાં આસ્માનની તરફ હાથ ઉઠાવવાનું કારણ એ છે કે આસ્માન દુઆનો કિબ્લો છે અને રિઝ્ક તથા રહમત આવવાની જગા છે.** એ કારણ નથી કે રબ તઆલા આસ્માનમાં રહે છે.

કેટલાક લોકો આ'લા આ'લા દુઆ થતી હોય છે છતાં ગાફેલ રહીને ન ઢંગથી હાથો ઉઠાવે છે ન મોઢેથી "આમીન" બોલવાની તકલીફ ઉઠાવે છે ! તેઓએ આ પરથી સબક લેવો જોઈએ.

## ★ નબી પાક ﷺએ કહ્યું : અમને પણ તમારી દુઆમાં યાદ રાખશો ! ★

"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺથી ઉમરા માટે જવાની ઈજાઝત માગી તો મને ઈજાઝત આપી અને ફર્માવ્યું, હે મારા ભાઈ ! **અમને પણ તમારી દુઆમાં યાદ રાખશો, અમને ભૂલી ન જશો.** હુઝૂરે આ એવી વાત કહી કે મને એના બદલામાં આખી દુનિયા મળી જવું પસંદ નથી[૪]. (અબૂ દાઊદ, તિર્મિઝી) અને તિર્મિઝીની રિવાયત એ કથન પર પૂર્ણ થઈ ગઈ કે, અમને ભૂલી ન જશો."

હુઝૂરે અન્વર ﷺએ જે હઝરત ઉમરને ભાઈ કહ્યું એ અત્યંત કરમે કરીમાના છે. જેમ કે સુલ્તાન પોતાની પ્રજાને કહે છે કે હું તમારો ખાદિમ છું. પણ કોઈ મુસલમાનને હક્ક નથી કે હુઝૂરે અન્વર ﷺને ભાઈ કહે. રબ તઆલા ફર્માવે છે : لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَیْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا ؕ ---الایہ (રસૂલને પુકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવી રીતે તમારામાં એકબીજાને પુકારે છે. સૂ. નૂર, ૨૪/૬૩) એટલા માટે કદી સહાબાએ કિરામે હુઝૂરે અન્વર ﷺને ભાઈ કહીને ન પુકાર્યા. હદીષની રિવાયતમાં તમામ સહાબાએ કિરામ એ જ કહેતા હતા : قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ (નબી ﷺએ ફર્માવ્યું)

હુઝૂર ﷺનું ફર્માવવું કે, મક્કા મોઅઝ્ઝમા પહોંચીને દરેક મકબૂલ દુઆમાં તમારી સાથે મારા માટે પણ દુઆ કરજો, એના પરથી જાણવા મળ્યું કે હાજીથી દુઆ કરાવવી અને ત્યાં પહોંચીને દુઆ કરવાના માટે કહેવું સુન્નત છે.

Web: www.barkatekhwaja.net

સૂફિયાએ કિરામ આ શબ્દોનો અર્થ એ કરે છે કે, હે ઉમર ! દરેક દુઆમાં અમારા પર દુરૂદ શરીફ પઢજો. અમારા દુરૂદને ન ભૂલશો, કે જેથી એની બરકતથી તમારી દુઆઓ કૂબૂલ થાય. હુઝૂરના માટે આ'લા દરજાની દુઆ આપના પર દુરૂદ શરીફ પઢવું છે. (ﷺ) કરીમના પ્યારાઓને દુઆઓ આપવી હકીકતમાં તેનાથી માગવાની તદબીર છે. આપણો ભીખારી આપણા દરવાજા પર આવીને આપણા જાન માલ ઔલાદને દુઆએ આપે છે અને આપણાથી ભીખ માગે છે. આપણે પણ રબ તઆલાના મહબૂબને દુઆઓ આપીએ અને રબ તઆલાથી ભીખ લઈએ.

## ★ ત્રણ શખ્સોની દુઆ રદ નથી થતી ★

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણ શખ્સોની દુઆ રદ નથી થતી. રોઝાદારની જ્યારે ઈફતારી કરી રહ્યો હોય, ઈન્સાફવાળા હાકિમની અને મઝલૂમની દુઆને તો અલ્લાહ તઆલા વાદળોના ઉપર ઉઠાવી લે છે, તેના માટે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને રબ તઆલા ફર્માવે છે, મને મારી ઈજ્જતની કસમ ! હું તારી જરૂર મદદ કરીશ, ભલે થોડી વાર પણ થાય" *(તિર્મિઝી)*

અહીં શખ્સો (વ્યક્તિઓ)થી મુરાદ મુસલમાન છે, પુરૂષ હોય કે સ્ત્રી, કાફિરો એમાં સામેલ નથી. દુઆ રદ ન થવાનો એ મતલબ છે જે અગાઉ વર્ણવામાં આવી ગયો છે. હેતુ પ્રાપ્ત થાય, બલા રદ થાય કે દરજાની બુલંદી થાય.

કેમ કે એ ઈબાદતથી ફારિગ થવાનો સમય છે. **ઈબાદત બાદ દુઆઓ કૂબૂલ થાય છે. એટલા માટે નમાઝ, હજ્જ, ઝકાતથી ફારિગ થયા બાદ દુઆઓ કરવી જોઈએ.** જાણવા મળ્યું કે જનાઝાની નમાઝ બાદ દુઆ કરવામાં આવે કે તે પણ રબની ઈબાદત છે અને ઈબાદત બાદ દુઆ કૂબૂલ છે.

મિર્કાતે ફર્માવ્યું કે **મુસલમાન હાકિમનું એક ઘડી અદ્લો ઈન્સાફ કરવું સાઈઠ વરસની ઈબાદતથી અફઝલ છે** કે એ અદ્લથી ખલ્કે ખુદા (ખુદાની મખ્લૂક)ની વ્યવસ્થા યથાવત છે.

મિર્કાતે ફર્માવ્યું કે મઝલૂમ જાનવર બલ્કે મઝલૂમ કાફિર તથા ફાસિકની પણ દુઆ કૂબૂલ થાય છે, જો કે મુસલમાન મઝલૂમની દુઆ અધિક કૂબૂલ છે. કેમ કે મઝલૂમ બેચેન તથા બેકરાર હોય છે અને બેકરારની દુઆ અર્શ પર કરાર કરે છે. રબ તઆલા ફર્માવે છે : اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ (અથવા તે જ લાચારની સાંભળે છે, જ્યારે તેને પુકારે." –સૂરએ નમ્લ, ૨૭/૬૨) દુઆને આસ્માન પર ઉઠાવવા અને તેના માટે આસ્માનના દરવાજા ખોલવામાં આવવાનો મતલબ ખૂબ જ જલ્દી સાંભળવું, અને તેની દુઆની ઈજ્જત તથા મહત્વ પ્રદર્શિત કરવું છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **ત્રણ દુઆઓ વિના શંકાએ કૂબૂલ છે બાપની દુઆ, મુસાફરની દુઆ અને મઝલૂમની દુઆ."** (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

છેવટમાં મુસલમાનોને વિનંતિ કે દીન ઈમાનની કદર સમજે કે આપણાને અલ્લાહે આપણી જાન માલની નેઅમતો કરતાં અનંતગણી મહાન નેઅમત ઈમાન આપેલ છે અને એ જ રીતે નેક અમલોની, શરીઅતની પાબંદીની, ઈમાન પર ગમે તે સંજોગોમાં અડગતાની દુઆ પોતાના માટે પોતાની ઔલાદના માટે, ઘરવાળાં માટે તથા સર્વ મોમિનો માટે ગુજારતો રહે. અલ્લાહની રહમતથી કદી માયૂસ ન બને. અલ્લાહ જરૂર મુરાદો પૂરી કરશે, અને જો કદાચ દુનિયામાં એ દુઆઓની અસર ન જણાય તો સમજી લે કે ઈન્શા અલ્લાહ ! આપણી હકીકી જિંદગી આખેરતને અલ્લાહ જરૂર જરૂર સંવારી આપશે, માટે મુશ્કેલીઓમાં દુઆઓની સાથોસાથ સબ્રથી પણ કામ લે.

Web: www.barkatekhwaja.net

## ★ મુસીબતના સમયની કેટલીક નબવી દુઆઓ અને તેની તફસીલ ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ પોતાના ઘરેથી નીકળે તો કહી લે : بِسۡمِ اللّٰہِ تَوَکَّلۡتُ عَلَی اللّٰہِ لَا حَوۡلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ (અલ્લાહના નામથી, મેં અલ્લાહ પર ભરોસો કર્યો, અલ્લાહ વિના ન તાક઼ત છે ન કુવ્વત.) ત્યારે તેને કહેવામાં આવે છે, તને હિદાયત તથા કિફાયત આપવામાં આવી અને તને મહેફૂઝ કરી દેવામાં આવ્યો. પછી શૈતાન દૂર ભાગી જાય છે, અને તેને બીજો શૈતાન કહે છે, તારે આ શખ્સ સાથે શું સંબંધ જેને હિદાયત તથા કિફાયત આપવામાં આવી અને જેને મહેફૂઝ (સુરક્ષિત) કરવામાં આવ્યો. *(અબૂ દાઊદ)*

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. નબી કરીમ ﷺ જ્યારે કોઈ ક઼ૌમથી ખતરો મહેસૂસ કરતા તો કહેતા : اَللّٰھُمَّ اِنَّا نَجۡعَلُکَ فِیۡ نُحُوۡرِھِمۡ وَنَعُوۡذُ بِکَ مِنۡ شُرُوۡرِھِمۡ (હે અલ્લાહ ! અમે એના મુક઼ાબલામાં તને કરીએ છીએ અને તેમની બુરાઈથી તારી પનાહ લઈએ છીએ.) *(અહમદ, અબૂ દાઊદ)*

હઝરત અબૂ બકરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ગમગીનની દુઆ આ છે : اَللّٰھُمَّ رَحۡمَتَکَ اَرۡجُوۡ فَلَا تَکِلۡنِیۡ اِلٰی نَفۡسِیۡ طَرۡفَۃَ عَیۡنٍ وَاَصۡلِحۡ لِیۡ شَاۡنِیۡ کُلَّہٗ لَا اِلٰہَ اِلَّا اَنۡتَ (ઈલાહી ! હું તારી રહમતનો ઉમ્મીદવાર છું તું મને પાંપણ ઝપકતા સમય જેટલો પણ મારા નફ્સને હવાલે ન કર, અને મારા સર્વ કામો બનાવ, તારા સિવાય કોઈ મઅબૂદ નથી.) *–મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબિહના હવાલાથી*

તે ઉપરાંત ગુનાહોથી તૌબા સાચા દિલથી કરતો રહે, ખૂબ ઈસ્તિગફાર કરે અને لَا حَوۡلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ (લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ) દુરૂદ શરીફ આગળ પાછળ રાખી ખૂબ જ પઢયા કરે તો ઈન્શા અલ્લાહ ! ગમે તેવી મુસીબત ટળી જશે. કમસે કમ ૬૦ વાર રોજ સવાર સાંજ પઢે. તેમજ حَسۡبُنَا اللّٰہُ وَنِعۡمَ الۡوَکِیۡلُ (હ઼સ્બુનલ્લાહુ વનિઅ્મલ્ વકીલ)નો વિર્દ કર્યા કરે. **નેકીઓ કરે, ગુનાહોથી દૂર રહે, બને તો રોજ સદક઼ો કર્યા કરે** તો ઈન્શા અલ્લાહ ! આફતોથી બચી જશે. અલ્લાહ આપણને એની તૌફીક આપે. (આમીન)


**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧


Web : www.barkatekhwaja.net



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

બે પુરૂષો જે અલ્લાહથી ડરનારાઓમાં હતા,[૧૩૩] અલ્લાહે તેમના પર કૃપા કરી[૧૩૪] (તેઓ) બોલ્યા, બળ કરીને દરવાજાથી[૧૩૫] તેમના પર પ્રવેશી જાવ, જો તમે દરવાજામાં દાખલ થઈ ગયા, તો તમારો જ વિજય છે.[૧૩૬] અને અલ્લાહ પર જ ભરોસો રાખો જો તમને ઈમાન હોય (૨૩) બોલ્યા,[૧૩૭] હે મૂસા ! અમે તો ત્યાં[૧૩૮] કદાપિ નહીં જઈએ, જ્યાં સુધી પેલા ત્યાં છે. તો તમે અને તમારો પરવરદિગાર જાવ, તમે બન્ને લડો અમે અહીં બેઠા છીએ (૨૪) મૂસાએ વિનવ્યું, હે મારા પરવરદિગાર ! મને અધિકાર નથી પણ મારો અને મારા ભાઈનો, તો અમને આ હુકમ ન માનનારાઓથી દૂર રાખ[૧૩૯] (૨૫) ફર્માવ્યું, તો તે ધરતી તેમના પર હરામ છે,[૧૪૦] ચાલીસ વરસ સુધી, જમીન[૧૪૧] માં ભટકતા ફરે તો તમે આ હુકમને માન ન આપનારાઓનો અફસોસ ન કરો (૨૬) અને એમને કહી સંભળાવો આદમના બે પુત્રોની સાચી ખબર,[૧૪૨] જ્યારે બન્નેએ એક એક ભેટ રજૂ કરી તો એકની સ્વીકારાઈ અને બીજાની ન સ્વીકારાઈ, બોલ્યો, કસમ છે, તને મારી નાખીશ,[૧૪૩] કહ્યું, અલ્લાહ તેના તરફથી જ

**આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.**

قَالَ رَجُلٰنِ مِنَ الَّذِیۡنَ یَخَافُوۡنَ اَنۡعَمَ اللّٰهُ عَلَیۡهِمَا
ادۡخُلُوۡا عَلَیۡهِمُ الۡبَابَ ۚ فَاِذَا دَخَلۡتُمُوۡهُ فَاِنَّكُمۡ غٰلِبُوۡنَ ۚ۬ وَ
عَلَی اللّٰهِ فَتَوَكَّلُوۡۤا اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِیۡنَ ﴿۲۳﴾ قَالُوۡا یٰمُوۡسٰۤی اِنَّا
لَنۡ نَّدۡخُلَهَاۤ اَبَدًا مَّا دَامُوۡا فِیۡهَا فَاذۡهَبۡ اَنۡتَ وَ رَبُّكَ
فَقَاتِلَاۤ اِنَّا هٰهُنَا قٰعِدُوۡنَ ﴿۲۴﴾ قَالَ رَبِّ اِنِّیۡ لَاۤ اَمۡلِكُ اِلَّا
نَفۡسِیۡ وَ اَخِیۡ فَافۡرُقۡ بَیۡنَنَا وَ بَیۡنَ الۡقَوۡمِ الۡفٰسِقِیۡنَ ﴿۲۵﴾ قَالَ
فَاِنَّهَا مُحَرَّمَةٌ عَلَیۡهِمۡ اَرۡبَعِیۡنَ سَنَةً ۚ یَتِیۡهُوۡنَ فِی الۡاَرۡضِ ؕ
فَلَا تَاۡسَ عَلَی الۡقَوۡمِ الۡفٰسِقِیۡنَ ﴿۲۶﴾ وَ اتۡلُ عَلَیۡهِمۡ نَبَاَ ابۡنَیۡ
اٰدَمَ بِالۡحَقِّ ۘ اِذۡ قَرَّبَا قُرۡبَانًا فَتُقُبِّلَ مِنۡ اَحَدِهِمَا وَ لَمۡ
یُتَقَبَّلۡ مِنَ الۡاٰخَرِ ؕ قَالَ لَاَقۡتُلَنَّكَ ؕ قَالَ اِنَّمَا یَتَقَبَّلُ اللّٰهُ
مِنَ الۡمُتَّقِیۡنَ ﴿۲۷﴾ لَئِنۡۢ بَسَطۡتَّ اِلَیَّ یَدَكَ لِتَقۡتُلَنِیۡ مَاۤ اَنَا
بِبَاسِطٍ یَّدِیَ اِلَیۡكَ لِاَقۡتُلَكَ ۚ اِنِّیۡۤ اَخَافُ اللّٰهَ رَبَّ
الۡعٰلَمِیۡنَ ﴿۲۸﴾ اِنِّیۡۤ اُرِیۡدُ اَنۡ تَبُوۡٓاَ بِاِثۡمِیۡ وَ اِثۡمِكَ فَتَكُوۡنَ مِنۡ
اَصۡحٰبِ النَّارِ ۚ وَ ذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِیۡنَ ﴿۲۹﴾ فَطَوَّعَتۡ لَهٗ
نَفۡسُهٗ قَتۡلَ اَخِیۡهِ فَقَتَلَهٗ فَاَصۡبَحَ مِنَ الۡخٰسِرِیۡنَ ﴿۳۰﴾
فَبَعَثَ اللّٰهُ غُرَابًا یَّبۡحَثُ فِی الۡاَرۡضِ لِیُرِیَهٗ كَیۡفَ یُوَارِیۡ
سَوۡءَةَ اَخِیۡهِ ؕ قَالَ یٰوَیۡلَتٰۤی اَعَجَزۡتُ اَنۡ اَكُوۡنَ مِثۡلَ هٰذَا
الۡغُرَابِ فَاُوَارِیَ سَوۡءَةَ اَخِیۡ ۚ فَاَصۡبَحَ مِنَ النّٰدِمِیۡنَ ﴿۳۱﴾

સ્વીકારે છે જેને (તેનો) ડર છે[૧૪૪] (૨૭) બેશક! જો તું તારો હાથ મારા પર લંબાવીશ કે (જેથી) મને મારી નાખે, તો હું મારો હાથ તારા પર લંબાવીશ નહીં કે (જેથી) તને મારી નાખું[૧૪૫] હું અલ્લાહથી ડરું છું, જે સમગ્ર જગતનો માલિક (છે) (૨૮) હું તો તે ઈચ્છું છું કે મારો[૧૪૬] અને તારો[૧૪૭] ગુનોહ તારા માથે જ પડે તો તું દોઝખી થઈ જાય, અને અન્યાય કરનારાઓની એ જ શિક્ષા છે (૨૯) તો તેના નફ્સે તેને તેના ભાઈના ખૂનનું પાણી ચઢાવ્યું, તો તેને મારી નાખ્યો તો નુકસાનમાં રહ્યો[૧૪૮] (૩૦) તો મોકલ્યો અલ્લાહે એક કાગડો જમીન ખોદતો જેથી તેને બતાડે કે કેવી રીતે (તે) પોતાના ભાઈની લાશ સંતાડે[૧૪૯] બોલ્યો, હત્તારીની ! હું આ કાગડા જેવો પણ ન બની શક્યો, કે હું મારા ભાઈની લાશ સંતાડુ, તો પસ્તાતો રહી ગયો[૧૫૦] (૩૧)

**:: સમજૂતી ::**

૧૩૩ : કાલિબ બિન યુકન્ના અને યુશઅ બિન નૂન, જેઓ તે સરદારોમાંથી હતા જેમને હઝરત મૂસાએ જબાબિરહ કોમનો તાગ કાઢવા મોકલ્યા હતા.

૧૩૪ : હિદાયત અને વચન પાલનની સાથે તેમણે જબાબિરહની હાલત ફક્ત હઝરતે મૂસાને જ કહી, તેને જાહેર ન કરી, જ્યારે બીજા સરદારોએ વાત ફોડી કાઢી હતી.

૧૩૫ : શહેરના.

૧૩૬ : "કારણ કે અલ્લાહ તઆલાએ મદદનો વાયદો કર્યો છે, અને તેનો વાયદો અવશ્ય પૂરો થશે, તમે જબ્બારીનના મોટા મોટા શરીરોથી ન ડરો, અમે તેમને જોયા છે, તેમના શરીરો મોટા અને હૃદયો નાના છે." એ બન્નેએ જ્યારે એવું કહ્યું ત્યારે બની ઈસ્રાઈલ તેમના પર ખૂબ ક્રોધે ભરાયા, તેમના પર પથ્થર વર્ષા કરવાનો ઈરાદો કર્યો.

૧૩૭ : બની ઈસ્રાઈલ

૧૩૮ : જબ્બારીનના શહેરમાં

૧૩૯ : અને અમને તેમની નિકટતા તેમજ મિત્રતાથી બચાવ. અથવા એ અર્થ છે કે અમારી અને એમની વચમાં ફેંસલો કરી દે.

૧૪૦ : તેમાં પ્રવેશી શકશે નહીં.

૧૪૧ : જમીન જેમાં તેઓ ભટકતા રહ્યા તે ૯ ફરસંગ હતી, અને કોમ છ લાખની, તેઓ પોતાની સાધન સામગ્રી સહિત આખો દિવસ ચાલ્યા કરતા અને જ્યારે સાંજ પડતી ત્યારે પોતાને ત્યાં જ દેખતા જ્યાંથી ચાલ્યા હતા. આ તેમના માટે અલ્લાહ તરફથી સજા હતી. હઝરત મૂસા અને હારૂન તેમજ યુશઅ અને કાલિબ સિવાય, તેમની અલ્લાહ તઆલાએ સહાય કરી અને તેમના માટે સરળતા કરી આપી. જેમ કે હઝરત ઈબ્રાહીમ عليه السلام માટે આગને ઠંડી અને સલામત બનાવી દીધી હતી. આટલી મોટી સંખ્યાનું આટલા નાના વિસ્તારમાં ચાલીસ વરસ સુધી ફસાઈ જવું અને ત્યાંથી નીકળી ન શકવું એ મુઅજિઝો છે. જ્યારે આ જંગલમાં બની ઈસ્રાઈલે હઝરત મૂસા عليه السلامને ખાવા પીવાની અને બીજી જરૂરતોની ફરિયાદ કરી ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની દુઆથી તેમને આકાશી ખાણું મન્ન અને સલવા આપ્યું અને કપડાં તેમના શરીરોની સાથે જન્માવ્યાં જે શરીરની સાથે સાથે વધતાં હતાં. અને તૂર પહાડનો એક પથ્થર આપ્યો કે જ્યારે પડાવ નાખતા ત્યારે હઝરત મૂસા તેના પર પોતાનો અસો મારતા હતા, ત્યારે તેમાંથી બની ઈસ્રાઈલના ૧૨ કુટુંબો માટે પાણીના ૧૨ ઝરણાં વહી નીકળતાં હતાં, અને છાંયડો કરવા એક વાદળી મોકલી હતી. તીહ (તે મેદાનનું નામ)માં જેટલા લોકો પ્રવેશ્યા હતા તેમનામાં જે વીસ વરસથી વધારે વયના હતા તેઓ ત્યાં મરી ગયા, સિવાય યુશઅ બિન નુન અને કાલિબ બિન યુકન્ના, અને જે લોકોએ પવિત્ર ધરતીમાં પ્રવેશવાનો ઈન્કાર કર્યો હતો તેમાંથી કોઈ પ્રવેશી

Web: www.barkatekhwaja.net

શક્યું નહીં. અને કહેવામાં આવ્યું છે કે હઝરત મૂસા અને હઝરત હારૂનની વફાત પણ તીહમાં જ થઈ હતી. હઝરત મૂસાની વફાત પછી ચાલીસ વર્ષે યુશઅને નબુવ્વત આપવામાં આવી અને જબ્બારીન સાથે જિહાદ કરવાનો હુકમ આપ્યો, તેઓ વધેલા બની ઈસ્રાઈલને લઈને ગયા અને જબ્બારીન સાથે જિહાદ કર્યો.

**૧૪૨** : જેમના નામો હાબીલ અને કાબીલ હતાં. આ બનાવ સંભળાવવાનો હેતુ એ છે કે એનાથી હસદની બુરાઈ માલમ પડે, અને સૈયદે આલમ ﷺના હસદ કરનારાઓને એનાથી બોધ ગ્રહણ કરવાની તક મળે.

જીવન વૃત્તાંતો અને ઈતિહાસના આલિમોનું બયાન છે કે હઝરત હવ્વાને દરેક હમલમાંથી એક પુત્ર અને એક પુત્રી અવતરતાં હતાં, અને એક હમલના છોકરા સાથે બીજા હમલની છોકરીનો નિકાહ કરવામાં આવતો હતો, કારણ કે માનવજાત ફક્ત હઝરત આદમની ઔલાદમાં જ હતી એટલે નિકાહનો બીજો કોઈ માર્ગ હતો જ નહીં. એ નિયમના આધારે હઝરત આદમે કાબીલનો નિકાહ લુયુદા સાથે જે હાબીલ સાથે જન્મી હતી, અને હાબીલનો નિકાહ અકલીમા સાથે જે કાબિલ સાથે જન્મી હતી, કરવા ઈચ્છયો. કાબીલ એથી ખુશ ન થયો. અને અકલીમા વધુ સુંદર હોવાથી તેણીની માગણી કરી. હઝરત આદમે કહ્યું, તેણી તારી સાથે જન્મી હોવાથી તારી બહેન છે, તેણી સાથે તારો નિકાહ હલાલ નથી. કહેવા લાગ્યો, એ તો તમારો અભિપ્રાય છે. અલ્લાહ તઆલાએ એવો હુકમ નથી કર્યો. ત્યારે હઝરત આદમે કહ્યું, તમે બન્ને કુરબાનીઓ રજૂ કરો, જેની કુરબાની સ્વીકૃત થશે તે અકલીમાનો હકદાર બનશે. તે સમયમાં જે કુરબાની મકબૂલ થતી તેને આકાશમાંથી આગ આવીને ભરખી જતી હતી. કાબીલે ઘઉંનો એક ઢગલો અને હાબીલે એક બકરી કુરબાની માટે રજૂ કર્યા. આકાશી આગે હાબીલની કુરબાની લઈ લીધી, અને કાબીલના ઘઉં છોડી દીધા, તેથી કાબીલના દિલમાં હસદ અને કીનો જનમ્યો.

**૧૪૩** : જયારે હઝરત આદમ علیہ السلام હજ માટે મક્કા શરીફ ગયા ત્યારે કાબીલે હાબીલને કહ્યું કે હું તને મારી નાખીશ. હાબીલે કહ્યું કે શા માટે ? કાબીલ બોલ્યો કે, તારી કુરબાની કૂબૂલ થઈ અને મારી ન થઈ, તું અકલીમાનો હકદાર ઠર્યો એમાં મારી બેઈજ્જતી છે.

**૧૪૪** : હાબીલના એ કથનનો મતલબ એ છે કે કુરબાની કૂબૂલ કરવી અલ્લાહનું કામ છે, તે પરહેઝગારોની કુરબાની કૂબૂલ કરે છે. તુ પરહેઝગાર હોત તો તારી કુરબાની કૂબૂલ થાત. એ તો તારા કર્મોનો ફળ છે, એમાં મારો શું દોષ ?

**૧૪૫** : કે જેથી શરૂઆત મારા તરફથી થાય જો કે હું તારા કરતાં વધારે તાકતવાન અને શક્તિશાળી છું. આ એટલા માટે છે કે,

**૧૪૬** : એટલે કે મારા ખૂનનો.

**૧૪૭** : જે આનાથી પહેલાં તેં કર્યો કે બાપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, હસદ કર્યો, અને ખુદાઈ ફેંસલાને માન્ય ન રાખ્યો.

**૧૪૮** : અને બાઘો બની ગયો કે હવે આ લાશને શું કરે ? કારણ કે ત્યાં સુધી કોઈ માણસ મૃત્યુ ન પામ્યો હતો. ઘણા દિવસો સુધી લાશને ઉંચકી ફરતો રહ્યો.

**૧૪૯** : બયાન કરવામાં આવ્યું છે કે બે કાગડા અંદરોઅંદર લડયા, તેમાંથી એકે બીજાને મારી નાખ્યો. પછી જે જીવતો હતો તેણે પોતાની ચાંચ અને પંજાઓ વડે જમીનમાં ખાડો કર્યો, મરેલા કાગડાને તેમાં નાખી માટીથી દબાવી દીધો. આ જોઈને કાબીલને આવડયું કે મરેલાની લાશને જમીનમાં દાટી દેવી જોઈએ, પછી તેણે પણ જમીન ખોડીને (હાબીલની લાશ) દફન કરી દીધી. *(જલાલૈન, મદારિક વિ.)*

**૧૫૦** : પોતાની બિન આવડત અને હેરાનગતી પર, અને એ પસ્તાવો ગુનોહ કરવા બદલ ન હતો કે જેથી તવબહમાં ગણાઈ જાય, અથવા પસ્તાવાનું તવબહ હોવું ઉમ્મતે મુહમ્મદિયહની વિશિષ્ટતા હોય. *(મદારિક)*



Web.:www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)


**અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


*"હઝરત રિફાઆ બિન રાફેઅ* رضی اللہ عنہ *થી રિવાયત છે, ફર્માવે છે કે એક શખ્સ આવ્યો. મસ્જિદમાં નમાઝ પઢી[૨]. પછી ખિદમતમાં હાજર થયો તો નબી* ﷺ *ને સલામ અર્ઝ કરી તો નબી* ﷺ *એ ફર્માવ્યું, તમારી નમાઝ દોહરાવો[૩] તમે નમાઝ નથી પઢી. તો બોલ્યો, રસૂલુલ્લાહ !* ﷺ *મને શીખવી દો કે હું નમાઝ કેવી રીતે પઢું. ફર્માવ્યું જ્યારે તમે કિબ્લા તરફ મોં કરો તો તકબીર કહો[૪]. પછી સૂરએ ફાતિહા અને જે પઢવાનુ અલ્લાહ ચાહો તે પઢી લો[૫] પછી જ્યારે રુકૂઅ કરો તો પોતાની હથેળીઓ પોતાના ગુઠણો પર રાખો અને તમારા રુકૂઅને મજબૂતીથી કરો[૬]. અને તમારી પીઠ લાંબી પોતાના સાંધાઓ સુધી પરત પહોંચી જાય[૭]. પછી જ્યારે સજદો કરો તો સજદો મજબૂતીથી કરો[૮]. જ્યારે ઉઠો તો તમારી ડાબી જાંગ પર બેસો[૯] પછી રુકૂઅ તથા સજદામાં એ જ પ્રમાણે કરો ત્યાં સુધી કે મુત્મઈન થઈ જાવ. આ મસાબીહના શબ્દો છે અને અબૂ દાઊદે થોડા ફરક સાથે રિવાયત કરી, અને તિર્મિઝી તથા નિસાઈએ તેના અર્થો રિવાયત કર્યા. તિર્મિઝીની રિવાયતો છે કે જ્યારે તમે નમાઝના માટે ઉઠો તો એ જ પ્રમાણે વુઝૂ કરો જેવી રીતે તમને અલ્લાહે એનો હુકમ આપ્યો છે. પછી કલમએ શહાદત પઢો[૧૦] પછી તકબીર કહો પછી જે તમને કાંઈક કુર્આન યાદ હોય તો તેને પઢી લો, નહીં તો અલ્લાહની હમ્દ, તેની તકબીર, તેની તહલીલ કરો[૧૧] પછી રુકૂઅ કરો."*

**૧.** આપ અન્સારી ખઝરમી છે. આપની કુન્નિયત અબૂ મઆઝ છે. ખુદ બદરી છે અને આપના વાલિદ તે નકીબો (સરદારો)માંથી છે જેઓ હિજરતથી પહેલાં મદીના મુનવ્વરામાં મુબલ્લિગ નિયુક્ત થયા હતા. માલિક બિન રાફેઅ તથા ખલ્લાદ બિન રાફેઅના ભાઈ છે. કબીલા ખઝરજમાં સૌ પ્રથમ આપ ઈસ્લામ લાવ્યા. આપ જંગે જુમલ તથા સિફ્ફીનમાં હઝરત અલી મુર્તઝાની સાથે હતા. (અશિઅહ)

**૨.** આ આવનાર હઝરત રિફાઆના ભાઈ ખલ્લાદ બિન રાફેઅ હતા. તેમણે નાકિસ કે ફાસિદ નમાઝ પઢી હતી. તેમનો બનાવ હમણા થોડાક ફરકની સાથે વર્ણન થઈ ચૂક્યો.

**૩.** કેમ કે બિલ્કુલ ન પઢી અથવા કામિલ નહીં પઢી. યાદ રાખશો કે ફર્ઝ રહી જવાથી નમાઝ તદન થતી નથી. એને દોહરાવવી ફર્ઝ છે. અને વાજિબ રહી જવાથી નમાઝ સખ્ત અપૂર્ણ રહે છે, એને દોહરાવવી વાજિબ છે. આ ફર્માન શરીફ બંને અર્થોની સંભાવના ધરાવે છે.

**૪.** આ પરથી જાણવા મળ્યું કે નમાઝમાં કિબ્લા રુખ થવું શર્ત છે અને તકબીરે તહરીમા રુકન છે. જો કોઈ તકબીર પહેલાં કહી દે અને કિબ્લા રુખ બાદમાં થાય તો નમાઝ થશે નહીં.

**૫.** એટલે કે સૂરએ ફાતિહાના સિવાય કુર્આનની કોઈ અન્ય સૂરત પણ પઢી લો. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે નમાઝમાં સૂરએ ફાતિહા પણ વાજિબ છે. અને એના ઉપરાંત કોઈ અન્ય સૂરત અથવા એક મોટી આયત

Web.-www.barkatekhwaja.net

અથવા ત્રણ નાની આયતો પણ વાજિબ છે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં સૂરએ ફાતિહા ફર્ઝ અને બીજી સૂરત મિલાવવી સુન્નત છે. આ હદીષ એમની વિરુદ્ધ છે, કેમ કે એ બંનેવ ચીજોના માટે એક "ઈક્રા" ઈર્શાદ થયો. યાદ રાખશો કે અન્ય સૂરતને પઢવી વાજિબ પણ એને નિશ્ચિત કરવામાં કઈ પઢે એનો નમાઝીને ઈખ્તિયાર છે. સૂરએ ફાતિહામાં નમાઝીને કોઈ અધિકાર નથી, એટલા માટે "માશા અલ્લાહ !" ફર્માવવામાં આવ્યું. શાફઈઓ આ "માશા અલ્લાહ"થી સૂરતનું સુન્નત હોવું સાબિત નથી કરી શકતા. હનફીઓએ "ઈક્રા"નો પણ લેહાઝ રાખ્યો અને "માશા અલ્લાહ"નો પણ. મુત્લક્ન સૂરતનું વાજિબ હોવું અને નિશ્ચિત કરવામાં અધિકાર આપ્યો.

**૬.** એટલે કે ઈત્મિનાનની સાથે રુકૂઅ કરો. યાદ રાખશો કે રુકૂઅમાં હથેળીઓ ગુઠણો પર રાખવી સુન્નત છે અને ઈત્મિનાન વાજિબ.

**૭.** એટલે કે પૂરા ઉભા થઈ જાવ. કેમ કે કેવળ કામો બતાવ્યાં છે એટલા માટે પઢવાના કલમા ન દર્શાવ્યા.

**૮.** એટલે કે ઈત્મિનાનથી અદા કરો કે ત્રણ તસ્બીહના જેટલુ થોભો. સજદામાં હોવાનું જમીન પર લાગવું આપણે ત્યાં સુન્નત છે, શાફઈઓને ત્યાં ફર્ઝ છે. આ ઈબારતથી તેમનો મઝહબ સાબિત નથી થઈ શકતો. કેમ કે "તસ્કીન"થી મુરાદ ઈત્મિનાન છે.

**૯.** એટલે કે નમાઝમાં જ્યારે બેસો તો ડાબી જાંગ પર એ રીતે કે જમણો પગ ઉભો રહે. જાણવા મળ્યું કેમ કે નમાઝના બંને કાઈદાઓની બેઠક એક સમાન છે. એટલે કે ડાબી જાંગ પર બેસવું એ જ હનફી કહે છે.

**૧૦.** એટલે કે વૂઝૂ બાદ કલમો પઢવો સુન્નત છે. અમુક રિવાયતોમાં આવે છે કે اِنَّآ اَنْزَلْنٰهُ "ઈન્ન અન્ઝલના" પઢે. બેહતર છે કે બંનેવ પઢી લે.

**૧૧.** એટલે કે જો કુર્આન શરીફ તદ્દન યાદ ન હોય તો તેના બદલે આ પ્રમાણે પઢી લો : سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ "સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહ વલાઈલાહુ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર" ફકીહો ફર્માવે છે કે તે નવ મુસ્લિમ જે હમણા કુર્આન યાદ ન કરી શક્યો હોય તે નમાઝમાં કુર્આનને બદલે એ જ પઢે. આપણે ત્યાં કેવળ એકવાર અને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં સાતવાર. લગભગ એ સાહબ તે વખતે નવ મુસ્લિમ હતા એટલા માટે આ ઈજાઝત આપવામાં આવી, નહીં તો તિલાવત નમાઝમાં ફર્ઝ છે.

*"હઝરત ફઝ્લ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નમાઝ બે બે રકાતો છે[૧]. દરેક બે રકાતોમાં અત્તહિય્યાત છે, આજીજી છે નિયાઝમંદી છે અને ગરીબીનું પ્રદર્શન છે[૨]. પછી હાથ ઉઠાવો એટલે પોતાના રબની તરફ ફેલાવો[૩] જેની હથેળીઓ તમારા ચહેરા તરફ હોય[૪] અને કહો, હે મૌલા ! હે મૌલા! અને એવું ન કરે તો આવુ આવુ છે અને એક રિવાયતમાં છે કે અપૂર્ણ છે." (તિર્મિઝી)*

**૧.** એટલે કે નફ્લ નમાઝમાં બે બે રકાતો અફઝલ છે. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના નફ્લ ચાર ચાર અફઝલ છે. ઈમામ શાફઈને ત્યાં બે બે, સાહિબૈનને ત્યાં રાતમાં બે બે અને દિવસમાં ચાર ચાર અફઝલ છે. આ હદીષ ઈમામ શાફઈ رضی اللہ عنہ ની દલીલ છે. ઈમામ સાહબ ફર્માવે છે કે નબી ﷺ ઈશા બાદ અને ચાશતમાં ચાર ચાર રકાતો પઢતા હતા. આ હદીષ નફ્લની માત્રા માલૂમ કરવા માટે છે ન કે રકાતની અફઝલિયત. એટલે કે નફલ એક કે ત્રણ રકાત નથી હોય શકતી. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ નથી.

**૨.** એટલે કે જો ચાર કે આઠ રકાત નફ્લની નિયત બાંધે તો પણ દરેક બે રકાત પર અત્તહિય્યાત વાજિબ છે. યાદ

Web : www.barkatekhwaja.net

રાખશો શરીરથી આજીજી જાહેર કરવાને ખુશૂઅ અને નજરો નીચે રાખવાને ખુઝૂઅ કહે છે. અમુકે ફર્માવ્યું કે જાહેરી આજીજી ખુઝૂઅ છે અને દિલની આજીજી ખુશૂઅ છે.

**૩.** આમાં દુઆ માગવાના આદાબ શીખવાડવામાં આવ્યા છે. એનાથી જાણવા મળ્યું કે દરેક નફ્લ નમાઝ બાદ પણ દુઆ માગવી સુન્નત છે. અને દરેક દુઆમાં હાથ ઉઠાવવા સુન્નત છે અને હાથ આસ્માનની તરફ ઉઠે, તે રબની ખાસ તજલ્લીગાહ છે અને બંદાઓની રોજીનો ખજાનો છે. રબ ફર્માવે છે : وَفِي السَّمَاءِ رِزْقُكُمْ وَمَا تُوعَدُونَ "અને આસ્માનોમાં તમારી રોજી છે અને જે તમને વાયદો આપવામાં આવ્યો છે." *(૫૧/૨૨, કન્ઝુલ ઈમાન)* હા ! આમ દુઆઓમાં છાતી સુધી ઉઠાવે અને નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માટેની દુઆ)માં માથાથી ઉપર.

**૪.** એટલે કે જો નમાઝ બાદ દુઆ ન માગી તો નમાઝ મુકમ્મલ ન થશે. દુઆ નમાઝની પરિપૂર્ણતા છે. એની તફસીર તે હદીષો છે જેમાં ઈર્શાદ થયો કે દુઆ ઈબાદતોનું મગજ છે અથવા દુઆથી પહેલાં ઈબાદતો મોઅલ્લક (અદ્ધર) રહે..... વગેરે.

*"રિવાયત છે હઝરત સઈદ બિન હારિષ બિન મુઅલ્લાથી[૧] ફર્માવે છે કે અમને અબૂ સઈદ ખુદરીએ નમાઝ પઢાવી તો જ્યારે સિજદાથી માથુ ઉઠાવ્યું અને જ્યારે સિજદો કર્યો, અને જ્યારે બે રકાતોથી ઉઠયા તો ઊંચા અવાજે તકબીર કહી[૨]. અને ફર્માવ્યું કે મેં નબી ﷺને આ જ પ્રમાણે જોયા."(બુખારી)*

**૧.** આપ અન્સારી છે. મશહૂર તાબઈનમાંથી. લાંબા અરસા સુધી મદીના મુનવ્વરાના કાઝી રહ્યા.

**૨.** એટલે કે નમાઝની તકબીરો મોટા અવાજે કહે. માલૂમ પડયું કે ઈમામને નમાઝની તકબીરો ઊંચા અવાજે કહેવી જોઈએ મુકતદીઓની જાણના માટે, પણ જરૂરતથી વધુ ઊંચા અવાજ ન કાઢે. ખાસ કરીને જ્યારે કે એમાં તકલીફ પણ હોય. જેથી જેની પાછળ બે ત્રણ મુકતદી હોય તે બહુ ચીસો પાડીને તકબીર ન કહે.

*"હઝરત ઈકરમા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં એક બુઝુર્ગની પાછળ મક્કા મુર્કરમામાં નમાઝ પઢી તો તેમણે બાવીસ તકબીરો કહી[૧]. મેં હઝરત ઈબ્ને અબ્બાસને કહ્યું કે આ બેવકૂફ છે. તો ફર્માવ્યું, તમને તમારી મા રડે ! આ નબી ﷺની સુન્નત છે[૨]." (બુખારી)*

**૧.** નમાઝ ચાર રકાત હતી. એમાં તકબીરે તહરીમા અને પહેલા અત્તહિય્યાતથી ઉઠતી વખતની તકબીરો પણ સામેલ છે. એ બુઝુર્ગ અબૂ હુરૈરહ رضی اللہ عنہ હતા અને ઈકરમા હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہના ગુલામ છે. એમનું વર્ણન અગાઉ આવી ગયું છે.

**૨.** એટલે કે ચાર રકાતવાળી નમાઝમાં બાવીસ તકબીરો કહેવી પણ સુન્નત છે, અને ઈમામે દરેક તકબીર ઉંચા અવાજે કહેવી પણ સુન્નત છે. તમે પોતાની બેવકૂફીથી સુન્નત પર અમલ કરવાવાળાને બેવકૂફ બનાવી રહ્યા છો. કદાચ ઈકરમાએ ચીસ પાડીને તકબીર કહેવાને ગલત સમજ્યું હશે. આશ્ચર્ય છે કે આપ હમેશાં બાજમાઅત નમાઝ પઢતા હતા પછી એમના પર આ મસ્અલો કેવી રીતે છુપો રહ્યો. એ વાત તો દરેક નમાઝી જાણે છે કે ચાર રકાતમાં તકબીરો બાવીસ હોય છે અને ઈમામ દરેક તકબીર મોટા અવાજે કહે છે. યાદ રાખશો કે હઝરત ઈકરમાએ બાળપણના જોશમાં આ શબ્દો બોલી દીધા હોય, નહીં તો કોઈને પીઠ પાછળ મૂર્ખ કહેવો ગીબત છે. સહાબીઓની શાન તો ઘણી જ બુલંદ છે એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ આપને સખત ચેતવણી કરી. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**નમાઝે અ઼ક઼સામેં થા યહી સિર્ર, અયાં હોં મઅની અવ્વલ આખિર**
**કે દસ્ત બસ્તા હૈં પીછે હાઝિર, જો સલ્તનત આકે કર ગયે જો**

*(સિર્ર = રાઝ. અયાં = જાહેર. દસ્ત બસ્તા = હાથ બાંધીને)*

**અર્થાત :** શબે મેઅરાજ મસ્જિદે અક઼સામાં જે હુઝૂર ﷺએ તમામ અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ علیہم السلامને નમાઝ પઢાવી, એમાં એ જ રહસ્ય હતું કે પહેલા તથા છેલ્લાનો ફરક જાહેર થઈ જાય (કે આખરમાં આવવાનો મતલબ એ નથી કે છેલ્લાની શાન તથા અઝમત ઓછી છે) જે અંબિયાએ કિરામ علیہم السلام પહેલાં પોતાની નબુવ્વતોના ડંકા વગાડી ગયા હતા તે સર્વ હાથ બાંધીને ખાતમુન્નબિય્યીન علیہم السلامની પાછળ ઉભેલા છે, તો પછી બતાવો કે શાન કોની વધારે થઈ ?!

**મસ્જિદે અ઼ક઼સાનો મન્ઝર :** મુક઼તદી તમામે તમામ (અંબિયાએ કિરામ) મસ્જિદે અક઼સામાં પહોંચી ચૂક્યા છે, જ્યારે કે હઝરત મૂસા علیہ السلامને હુઝૂર ﷺ ક઼બ્રમાં સલાત (નમાઝ) પઢતા જોઈને આવ્યા છે, પણ અહીં અંબિયાએ કિરામની સફોમાં તે પણ એડીઓ ઉઠાવી ઉઠાવીને હુઝૂર ﷺની રાહ જોઈ રહ્યા છે. તે એટલા જલ્દી કેવી રીતે પહોંચી ગયા ?! પછી આસ્માન પર પણ હુઝૂર ﷺના પહોંચતા પહેલાં પહોંચી ગયા ! કયાં તો હાઝિર નાઝિર માનવું પડશે અને સાથોસાથ એ પણ માન્યા વિના ચારો નથી કે હુઝૂર ﷺ બુર્રાક઼ પર સવાર થઈને ગયા અને નબી પોતાની નબુવ્વતની પરવાઝ તથા રફતારથી ગયા, અને બુર્રાક઼ કદી નબુવ્વતની રફતાર (ગતિ)નો મુક઼ાબલો નથી કરી શકતુ. વળી સર્વ નબી ડયૂટીઓ પર હતા જ્યારે કે હુઝૂર ﷺ સૈર પર હતા, તો ડયૂટીવાળો જલ્દી જલ્દી જાય છે અને સૈરવાળો તહલતો તહેલતો ધીમે ધીમે જાય છે. જેનું સ્વાગત કરવામાં આવતુ હોય છે તો તમો જોતા હશો જ કે તે છેલ્લે આવે છે અને સ્વાગત કરવાવાળા બે કલાક પહેલાં પહોંચી જાય છે. દરેક નબી પોતાની ઉમ્મતનો ઈમામ હોય છે. દરેક નબીએ વિચાર્યું હશે કે જુઓ ! કોને ઈમામતનો મુસલ્લો મળે છે ?! કેમ કે ત્યાં સફીયુલ્લાહ પણ છે, નજીયુલ્લાહ પણ છે, રૂહુલ્લાહ પણ છે, ખલીલુલ્લાહ, કલીમુલ્લાહ, ઝબીહુલ્લાહ બધા જ છે. (પરંતુ મિર્ઝા ક઼ાદયાની કાણો દજ્જાલ ત્યાં ન હતો !) અચાનક હુઝૂર ﷺની સવારી પહોંચી તો સર્વ નબીઓએ રુખે વદ્દુહા જોઈને ના'રો બુલંદ કર્યો : فجاء محمد سراجا منيرا فصلوا عليه كثيرا كثيرا ''હુઝૂર ﷺ સિરાજમ્મુનીર બનીને આવ્યા, તેમના પર ખૂબ ખૂબ દુરૂદ પઢો.)

Web.:www.barkatekhwaja.net

બયતુલ મુક઼દસમાં નબી કહી રહ્યા છે, આસ્માન પર ફરિશ્તા કહી રહ્યા છે :

*શુક્ર અલ્હમ્દુલિલ્લાહ ! કોઈ આયા હૈ મેહમાન અપના –ખૂને દિલ લખ્તે જિગર ખૂબ હૈ સમાં અપના*

અને સુબ્હાનલ્લાહ !

*નિદા આઈ દરીચે ખોલ દો ઐવાને કુદરત કે–નઝારે ખૂદ કરેગી આજ કુદરત શાને કુદરતકે*

જેથી જિબ્રઈલે અમીને હુઝૂર ﷺને ઈમામતના મુસલ્લા પર તશરીફ લાવવાની દાવત આપી અને અર્ઝ કરી, જ્યાં આપ હોવ ત્યાં અન્ય કોઈ ઈમામ નથી બની શકતું. કોઈ નબીએ મુસ્તફા ﷺની ઈમામત પર વાંધો ન ઉઠાવ્યો. જો જિબ્રઈલ علیہ السلام હુઝૂરને નબીઓના ઈમામ બનાવી દે તો કોઈ નબીને વાંધો ન હોય, અને જો એ જ ઈમામુલ અંબિયા ﷺ ફર્માવી આપે : مروا ابا بکر فلیصل بالناس (અબૂબક્ર પાસે જઈને બતાવો કે તે લોકોને નમાઝ પઢાવે) તો સિદીક઼ની ઈમામત પર કોણ વાંધો ઉઠાવી શકે છે ?!

ફરિશ્તાઓએ આ મન્ઝર જોયો તો અમુક બોલ્યા, કેટલી સરસ ઈમામત થઈ રહી છે ! અને અમુકે કહ્યું, કેટલી સરસ જમાઅત થઈ રહી છે ! અમુકે કહ્યું, આવા ઈમામના માટે આવા જ મુક઼તદી હોવા જોઈએ, ન આખી દુનિયામાં કોઈ આવો ઈમામ હોય શકે છે અને ન તો આખા જહાનમાં આવા મુકતદી હોય શકે છે ! મુક઼તદી જો લાજવાબ તથા બાકમાલ છે તો ઈમામ પણ બેમિષાલ તથા કમાલવાળો છે, હુસ્નો જમાલવાળો પણ છે.

*યૂં તો સારે નબી મોહતરમ હૈં મગર–સરવરે અંબિયા તેની ક્યા બાત હૈ*
*રહમતે દો જહાં એક તેરી ઝાત હૈ–અય હબીબે ખુદા તેરી ક્યા બાત હૈ*

### ★ અંબિયા علیہم السلامના ખુત્બાઓ ★

નમાઝ બાદ જશ્ને મેઅરાજે મુસ્તફા ﷺની મેહફિલ થઈ જેમાં વિવિધ નબીઓએ ખિતાબ કર્યો. જેમ કે સૌ પ્રથમ આદમ علیہ السلامએ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો અને સૌથી આખરમાં ખાતમુલ અંબિયા علیہ الصلوٰۃ والسلامએ પછી આદમ علیہ السلام અબુલ અંબિયા علیہ السلام (અથવા ઈબ્રાહીમ علیہ السلام) એ જે ફેંસલો ફર્માવ્યો તેને વાંચો અને ઈમાન તાજુ કરો.

**હઝરત આદમ علیہ السلامનો ખુત્બો :–**

الحمد للہ الذی خلقنی بیدہ واسجدلی ملاء کتہ وجعل الانبیاء من ذریتی સર્વ તારીફો અલ્લાહના જ માટે છે જેણે મને પોતાના દસ્તે કુદરત વડે બનાવ્યો અને ફરિશ્તાઓ થકી મને સજદો કરાવ્યો અને નબીઓને મારી ઔલાદ બનાવ્યા.

**હઝરત નૂહ علیہ السلامનો ખુત્બો ::–**

الحمد للہ الذی اجاب دعوتی فنجانی من الغرق بالسفینۃ وفضلنی بالنبوۃ સર્વ તારીફો અલ્લાહના જ માટે છે જેણે મારી દુઆ ક઼બૂલ ફર્માવી અને મને તુફાનમાં ડૂબી જવાથી કશ્તી વડે બચાવ્યો અને મને નબુવ્વત તથા રિસાલતથી સરફરાઝ કર્યો.

**હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો ખુત્બો :–**



Web. www.barkatekhwaja.net

الحمد للّٰہ الذی اتخذنی خلیلا و اعطانی ملکا عظیما و اصطفانی بر سالتہ و اخرجنی من النار وجعلھا علی بر داو سلما

સર્વ વખાણો એ અલ્લાહના જ માટે જેણે મને પોતાનો ખલીલ બનાવ્યો. મને ઘણો જ મોટો મુલ્ક અતા કર્યો. મને રિસાલતથી સરફરાઝ ફર્માવ્યો, મને આગથી બચાવ્યો અને આગને મારા ઉપર ઠંડી તથા સલામતીવાળી બનાવી.

**હઝરત મૂસા علیہ السلام નો ખુત્બો :-**

الحمد للّٰہ الذی کلمنی تکلیما واصطفانی بر سالتہ وانزل علی التوراۃ સર્વ પ્રશંસાઓ તે અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે જેણે મારી સાથે ખૂબ કલામ ફર્માવ્યો અને મને પોતાની રિસાલતથી સરફરાઝ ફર્માવ્યો અને મારા ઉપર તૌરાતને નાઝિલ કરી.

**હઝરત દાઊદ علیہ السلام નો ખુત્બો :-**

الحمد للّٰہ الذی انزل علی الزبور ولین لی الحدید સર્વ તારીફો અલ્લાહના માટે જ છે જેણે મારા ઉપર ઝબૂર નાઝિલ કરી અને લોખંડને મારા માટે નરમ (મીણ) કરી દીધું.

**હઝરત સુલૈમાન علیہ السلام નો ખુત્બો :-**

الحمد للّٰہ الذی سخر لی الریاح والجن والانس والانس وعلمنی منطق الطیر و اعطانی ملکا لا ینبغی لا حد من بعدی

સર્વ વખાણો એ અલ્લાહના માટે છે જેણે હવાઓ, જિન્નો, ઈન્સાનોને મારા તાબે કરી આપ્યા. મને પક્ષીઓની ભાષા (બોલી) શીખવાડી અને મને એવો મુલ્ક અતા કર્યો કે મારા બાદ એવા પ્રકારની હુકૂમત તથા માલિકી કોઈને લાયક નથી.

**હઝરત ઈસા علیہ السلام નો ખુત્બો :-**

الحمد للّٰہ الذی علمنی التوراۃ و الانجیل وجعلنی ابرئ الاکمہ و الابرص واحی الموتی باذنہ

સર્વ વખાણો અલ્લાહના જ માટે છે જેણે મને તૌરાત તથા ઈન્જીલનો ઈલ્મ અતા કર્યો અને મને માદરઝાદ (પેદાઈશી) આંધળા તથા કોઢની બીમારીવાળાઓને સાજા કરી દેવાવાળો બનાવ્યો અને પોતાના હુકમથી મને મુડદાંઓને જીવતાં કરી દેનારો બનાવ્યો.

આ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ علیہم السلام એ પ્યારા પ્યારા ખુત્બા ઈર્શાદ ફર્માવ્યા અને પોત પોતાની વિશિષ્ટતાઓ વર્ણન કરી અને સૌથી છેલ્લે આપણા આક઼ા તથા મૌલા હુઝૂર ખાતમુન્નબિય્યીન ﷺ એ ઘણો જ સમૃધ્ધ, ઈમાન અફરોઝ તથા ઈલ્મો હિકમત તથા અઝમતો ફઝીલતવાળો ખુત્બો આપ્યો. ઝુમીઝુમીને આપણા નબીના મોઢાથી નીકળવાવાળા શબ્દો વાંચો અને દરેક શબ્દ પર દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરતા જાવ.

**ઈમામુલ અંબિયા ﷺ નો ખુત્બો :-**

الحمد للّٰہ الذی ارسلنی رحمۃ للعلمین وکافۃ للناس بشیرا ونذیرا وانزل علی الفرقان فیہ تبیان لکل شئ وجعل امتی اخرجت للناس وجعل امتی وسطا و جعل امتی ھم الاولون والاخرون وشرح لی صدری ووضع عنی وزری وجعلنی فاتحاو سمانی رؤفا رحیما

web.: www.barkatekhwaja.net

"સર્વ વખાણો (સર્વ જમાનાઓમાં, સર્વ કરનારાઓનાં) અલ્લાહના માટે જ છે જેણે મને સર્વ જહાનોના માટે રહમત બનાવીને મોકલ્યો અને જેણે મને માનવ વંશને બશારતો (ખુશખબરો) આપનાર અને ડર સંભળાવનારો બનાવીને મોકલ્યો. અને જેણે મારા ઉપર હક્ક તથા બાતિલમાં ફરક કરવાવાળી કિતાબ (કુર્આન મજીદ ફુર્કાને હમીદ બુર્હાને રશીદ)ને નાઝિલ કરી જેમાં દરેક ચીજનું (દલીલસહ) વર્ણન છે. અને જેણે મારી ઉમ્મતને લોકોની (ભલાઈ)ના માટે બનાવી અને જેણે મારી ઉમ્મતને દરમિયાની (અફઝલ) ઉમ્મત બનાવી, અને જેણે મારી ઉમ્મતને (જન્નતમાં જવાના એતબારથી) પહેલી અને (દુનિયામાં મોકલવાના એતબારથી) આખરી બનાવી. (જેથી કબરોમાં થોડીવાર રહેવું પડે અને જેવી રીતે પહેલાઓના ગુનાહ આ ઉમ્મતની સામે વર્ણન કર્યા, આ ઉમ્મતના ગુનાહ કોઈની સામે વર્ણન ન થાય) અને અલ્લાહે મારા સીનાને ખોલી આપ્યો અને મારા બોજને ઉઠાવી દીધો. અને હું તે છું કે અલ્લાહ તઆલાએ મને ફાતેહ(આલમનો) બનાવ્યો અને મને પોતાનાં નામો (રઊફ, રહીમ) મહેરબાન અને રહમકરવાવાળો અતા કર્યાં."

તમામ નબીઓએ હુઝૂર ﷺનો અઝીમુશ્શાન ખુત્બો સાંભળ્યો. હવે જ્યારે ફૈંસલાની વારી આવી તો સૌની નજરો અબુલ બશર, અબુલ અંબિયા સૈયદના આદમ علیہ السلامની તરફ ઉઠી, જેથી આદમ علیہ السلامએ જે બે શબ્દોમાં ફૈંસલો ફર્માવ્યો એનાથી તમારી આંખોને નૂર અને દિલને સુરૂર (ખુશી) આપો.

**ફૈંસલો** : સર્વ ખુત્બાઓ સાંભળ્યા બાદ અબુલ અંબિયા (આદમ علیہ السلام અથવા જદલ અંબિયા ઈબ્રાહીમ علیہ السلام)એ આ ફૈંસલો આપ્યો કે : بھذا افضلکم محمد رسول اللّٰہ (صلی اللّٰہ علیہ وسلم) "હે અંબિયા علیہم السلامના ગિરોહ ! (તમારામાંથી મારા સહિત દરેકે પોતપોતાની ફઝીલતનો નમૂનો પેશ કર્યો અને પછી હુઝૂર ﷺના ફઝાઈલ પણ સાંભળ્યા) મેં સંપૂર્ણ કાર્યવાહીનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું તો એ નિર્ણયે પહોંચ્યો છું કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ (આપણાથી) નંબર લઈ ગયા છે. લગભગ તે અહદ તથા મીષાકનું આજે પરિણામ નીકળી રહ્યું છે જે અલ્લાહે આલમે અરવાહમાં નબીઓથી લીધો હતો કે ثم جاءکم رسول જેથી શબે મેઅરાજના ઈન્તેઝારમાં રહે.

**યહ ઉનકી આમદકા દબદબા થા નિખાર હર શયકા હો રહા થા**
**નજૂમો અફલાક જામો મીના ઉજાલતે થે ખંગાલતે થે**

*(નજૂમ = તારા. અફલાક = આસ્માન. જામ = પ્યાલો. મીના = સુરાહી. ઉજાલના = ઉજળુ તથા સાફ કરવું.*
*ખંગાલના = પાણીથી વાસણને સાફ કરવું)*

**અક઼ીદા–૨** : તરીક઼ત મનાફીએ શરીઅત (શરીઅત વિરુદ્ધ) નહીં. વો શરીઅત હી કા બાતિની હિસ્સા હૈ. બાઝ જાહિલ મુતસવ્વિફ (સૂફીઓ) જો યહ કહ દિયા કરતે હૈં કે, "તરીક઼ત ઔર હૈ શરીઅત ઔર !" **યહ મહઝ (તદ્દન) ગુમરાહી હૈ.** ઔર ઈસ ઝોઅમે બાતિલ કે બાઈષ અપને આપ કો શરીઅતસે આઝાદ સમઝના **સહીહ (ઉઘાડુ)** કુફ્ર વ ઈલ્હાદ હૈ.

**અક઼ીદા–૩** : અહકામે શરઈય્યહ કી પાબંદી સે કોઈ વલી કૈસા હી અઝીમ હો સુબુકદોશ (મુક્ત) નહીં હો સકતા. બઅઝ જહાં જો યહ બક દેતે હૈં કે શરીઅત રાસ્તા હૈ, રાસ્તા કી હાજત ઉનકો હૈ જો મક઼સૂદ તક ન પહૂંચે હોં, હમ તો પહૂંચ ગયે ! સૈયદુત્તાઈફા હઝરત જુનેદ બગદાદી رضی اللہ عنہને ઉન્હેં ફર્માયા : صَدَقُوْ لَقَدْ وَصَلُوْا وَلٰكِنْ اِلٰى اَيْنَ؟ اِلَى النَّارِ

"વો સચ કહતે હૈં બેશક ! પહુંચે ! મગર કહાં ? જહન્નમ કો !" *(બહારે શરીઅત)*

રબ્બુલ ઈઝ્ઝત, સરકાર મખ્દૂમે પાક رضی اللہ عنہ કે અઝીમ મર્તબા કે તુફૈલ હમેં તસવ્વુફ ઔર તરીક઼ત કી સચ્ચી તા'લીમાત પર અમલ કી તૌફીક઼ અતા ફર્માએ. آمین یارب العالمین

وما علینا الا البلاغ المبین

## ઈસ્લામના ત્રીજા ખલીફા

# હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ

**અઝ : અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

ત્રીજા ખલીફા અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ઈબ્ને અફફાન رضی اللہ عنہની કુન્નિયત "અબૂ અમ્ર" અને લક્બ "ઝુન્નૂરૈન" (બેનૂરવાળા) છે. આપ કુરૈશી છે અને આપનો વંશવેલો (નસબનામુ) આ પ્રમાણે છે : ઉષ્માન ઈબ્ને અફ્ફાન ઈબ્ને અબિલ આસ ઈબ્ને ઉમૈયા ઈબ્ને અબ્દુશ્શમ્સ ઈબ્ને અબ્દે મુનાફ. આપનો ખાનદાની વંશવેલો અબ્દે મુનાફ પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના વંશવેલાથી મળી જાય છે. આપે ઈસ્લામની શરૂઆતમાં જ ઈસ્લામ કબૂલ કરી લીધો હતો અને આપને આપના કાકા તથા અન્ય ખાનદાની કાફિરોએ મુસલમાન થઈ જવાના કારણે બેહદ સતાવ્યા. આપે પ્રથમ હબ્શાની તરફ હિજરત કરી પછી મદીના મુનવ્વરાની તરફ હિજરત કરી એટલા માટે આપ સાહિબુલ હિજરતૈન (બે હિજરતોવાળા) કહેવાય છે. અને હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની બે પુત્રીઓ એક પછી એક આપના નિકાહમાં આવી એટલા માટે આપનો લક્બ "ઝુન્નૂરૈન" છે. આપ જંગે બદર સિવાય અન્ય સર્વ ઈસ્લામી જેહાદોમાં કાફિરો સાથે જંગ કરતા રહ્યા. જંગે બદરના મોકા પર તેમનાં પત્ની સાહેબા મોહતરમા જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનાં સાહબઝાદી હતાં તે સખત બીમાર પડી ગયાં એટલા માટે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ તેમને જંગે બદરમાં જવાથી મના કરી આપ્યું. પરંતુ તેમને બદરના મુજાહિદોમાં ગણીને માલે ગનીમતમાં મુજાહિદોના જેટલો હિસ્સો તથા અજ્રો સવાબની બશારત પણ આપી. હઝરત અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શહાદત પછી આપ ખલીફા પસંદ પામ્યા અને બાર વરસો સુધી ખિલાફતના તખ્ત પર બિરાજમાન રહ્યા.

આપ رضی اللہ عنہના દૌરે ખિલાફતમાં ઈસ્લામી હુકૂમતની હદો ખૂબ જ અધિક વિસ્તાર પામી અને આફ્રિકા વગેરે ઘણા દેશો પર વિજય થયો. બયાસી વરસની ઉમરમાં મિસરના બાગીઓએ આપના મકાનનો ઘેરાવ કરી લીધો અને ૧૨ ઝીલ હજ્જ અથવા ૧૮ ઝીલ હજ્જ હિ.સ. ૩૫ જુમ્આના દિવસે એ બાગીઓમાંથી એક બદનસીબે આપને રાતના સમયે એ હાલમાં શહીદ કરી આપ્યા કે આ કુર્આને પાકની તિલાવત કરી રહ્યા હતા અને આપ رضی اللہ عنہના લોહીના અમુક ટીપાં કુર્આન શરીફની આયત : فَسَيَكْفِيكَهُمُ اللّٰهُ (તો હે મહબૂબ ! નજીકમાં જ અલ્લાહ તમને એમના તરફથી હિફાઝત કરશે. સૂ. બક્રહ, ૨/૧૩૭) પર પડયાં. આપ رضی اللہ عنہના જનાઝાની નમાઝ હુઝૂર صلی اللہ علیہ وسلمના ફોયાય હઝરત ઝુબૈર બિન અવામ رضی اللہ عنہએ પઢાવી અને આપ رضی اللہ عنہને મદીના મુનવ્વરાના કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

*(તારીખુલ ખુલફા તથા ઈઝાલતુલ ખફા વગેરે)*

## ★ આપની કરામતો ★

**ઝિનાકાર આંખો :** અલ્લામા તાજુદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "તબ્કાત"માં લખ્યું છે કે એક શખ્સે રસ્તે ચાલતાં એક અજનબી સ્ત્રીને તાકી તાકીને ગલત નિગાહો વડે જોઈ. ત્યારબાદ એ શખ્સ અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની સમક્ષ હાજર થયો. એ શખ્સને જોઈને હઝરત અમીરુલ મો'મિનીન رضی اللہ عنہએ અતિશય ગુસ્સાભર્યા લહેજામાં ફર્માવ્યું, તમે લોકો એવી હાલતમાં મારી સામે આવો છો કે તમારી આંખોમાં ઝિનાની અસરો હોય છે ! તે શખ્સે (આવેશમાં આવીને) કહ્યું કે શું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી આપના પર વહી ઉતરવા લાગી છે ? તમને એ કેવી રીતે ખબર પડી ગઈ કે મારી આંખોમાં ઝિનાની અસરો છે ?

web.www.barkatekhwaja.net

અમીરુલ મો'મિનીન رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉપર વહી તો નથી નાઝિલ થતી, પરંતું મેં જે કાંઈ કહ્યું છે એ બિલ્કુલ હક્ક઼ તથા સત્ય વાત છે, અને ખુદાવંદે કુદુસે મને એક એવી ફરાશત (નૂરાની દષ્ટિ) અતા કરી છે જેનાથી હું લોકોના દિલોના હાલાત તથા ખયાલોને માલૂમ કરી લઉં છું. *(હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, ૨/૮૬૨ તથા ઈઝાલતુલ ખફા, ૨/૨૨૭)*

**સારાંશ** : કુર્આન મજીદમાં ખુદાવંદે કુદુસનો ઈર્શાદ છે :–

كَلَّا بَلْ ۜ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ "કોઈ નહીં બલ્કે તેમના દિલો પર કાટ ચઢાવી દીધો છે તેમની કમાઈઓએ." *(–સૂ. મુતફ્ફીફીન, આ. ૧૪)*

એટલે માણસ જ્યારે કોઈ ગુનાહ કરે છે તો તેની એ અસર થાય છે કે તેના દિલ પર એક કાળો દાગ અને ધબ્બો પડી જાય છે. અને કેમ કે દિલ આખા શરીરનો બાદશાહ છે એટલા માટે દિલ પર જ્યારે કોઈ અસર પડે છે તો આખુ શરીર તેનાથી પ્રભાવિત થાય છે, જેથી ખુદાના ખાસ બંદાઓ જેમની આંખોમાં નૂરે બસારતની સાથે સાથે નૂરે ફરાશત (નૂરાની દષ્ટિ) તથા કરામતવાળી નિગાહ વડે જોઈ લેતા હોય છે. અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ કેમ કે અહલે બસીરત (દષ્ટિવાન લોકો) અને સાહિબે બાતિન (દિલી ભેદોને જાણનાર) હતા જેથી તેમણે પોતાની નિગાહે કરામત વડે વર્ણવેલ શખ્સની આંખોમાં તેના ગુનાહોની અસરોને જોઈ લીધી અને તેની આંખોને એટલા માટે ઝિનાકાર કહી કે હદીષ શરીફમાં આવ્યું છે ! زنا العينين النظر **"કોઈ અજનબી ઔરતને બુરી નિય્યતથી જોવું એ આંખોનો ઝિના છે."** *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, હદીષ : ૩૮૦૩, ૩/૨૭૭)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**હાથમાં કેન્સર !** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ મસ્જિદે નબવી શરીફના 'મિમ્બરે અક઼દસ પર ખુત્બો પઢી રહ્યા હતા કે એકદમ અચાનક એક શખ્સ જેનું નામ "જહજાહ ગિફારી" હતું તે ઉભો થઈ ગયો અને આપના દસ્તે મુબારકથી અસા છીનવી લઈ તેને તોડી નાખ્યો. આપે પોતાની સહન શક્તિ, સંયમ તથા હયાના કારણે તેનાથી કોઈ પૂછતાછ ન કરી. પણ ખુદા તઆલાની ક઼હહારી તથા જબ્બારીએ તેને એ સજા આપી કે તેના હાથમાં કેન્સરની બીમારી થઈ ગઈ અને તેનો હાથ સડીને કહોવાયને ખરી ગયો અને તે એ સજા પામીને એક વરસની અંદર જ મરી ગયો. *(હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, ૨/૮૬૨, તારીખુલ ખુલફા, પેજ–૧૧૨)*

**ગુસ્તાખીની સજા** : હઝરત અબૂ ક઼લાબા رضی اللہ عنہનું બયાન છે કે હું મુલ્કે શામ (સીરિયા)ની ભૂમિમાં હતો, તો મેં એક શખ્સને વારંવાર એ અવાજ આપતો સાંભળ્યો કે, "હાય ! અફસોસ ! મારા માટે જહન્નમ છે !" હું ઉઠીને તેની પાસે ગયો તો એ જોઈને આશ્ચર્યમાં પડી ગયો કે તે શખ્સના બંનેવ હાથ અને પગો કપાયેલા છે અને તે બંનેવ આંખોથી આંધળો છે અને પોતાના મોંઢાભેર જમીન પર ઊંધો પડેલો રહીને વારંવાર એવું જ કહી રહ્યો છે કે, "હાય ! અફસોસ ! મારા માટે જહન્નમ છે !" આ દશ્ય જોઈને મારાથી રહી ન શકાયું અને મેં તેને પૂછયું કે હે શખ્સ ! તારો શું હાલ છે ? અને કયા કારણે તને તારા જહન્નમી હોવાનું યક઼ીન છે ? આ સાંભળીને તેણે કહ્યું : હે શખ્સ ! મારો હાલ ન પૂછ ! હું તે બદ નસીબોમાંથી છું જેઓ અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને ક઼ત્લ કરવા માટે તેમના મકાનમાં ઘુસી ગયા હતા. હું જ્યારે તલ્વાર લઈને તેમની નજીક પહોંચ્યો તેમની પત્ની સાહેબાએ મને ધમકાવીને શોર મચાવવાનું શરૂ કરી આપ્યું તો મેં તેમની પત્ની સાહેબાને એક થપ્પડ મારી દીધી. આ જોઈને અમીરુલ મોમિનીન رضی اللہ عنہએ એ દુઆ માગી કે, "અલ્લાહ તઆલા તારા બંનેવ હાથો અને બંનેવ પગોને કાપી નાખે અને તારી બંનેવ આંખોને આંધળી કરી દે, અને તને જહન્નમમાં ઝોંકી

Web: www.barkatekhwaja.net

દે." હે શખ્સ ! હું અમીરુલ મો'મિનીન رضی اللہ عنہના પુર જલાલ ચહેરાને જોઈને અને તેમની આ કાહિરાના દુઆને સાંભળીને કાંપી ઉઠયો અને મારા શરીરની એક એક રુંવાટી ઉભી થઈ ગઈ અને ડર તથા ગભરાહટથી કાંપતો ત્યાંથી ભાગી નીકળ્યો.

અમીરુલ મો'મિનીન رضی اللہ عنہની ચાર દુઆઓમાંથી ત્રણ દુઆઓનો ભોગ તો બની ચૂક્યો છું તમે જોઈ રહ્યા છો કે મારા બંનેવ હાથ તથા બંનેવ પગો કપાય ચૂક્યા અને બંનેવ આંખો આંધળી થઈ ચૂકી. હવે કેવળ ચોથી દુઆ એટલે મારુ જહન્નમમાં દાખલ થવું બાકી રહી ગયું છે અને મને યકીન છે કે એ મામલો પણ યકીનન ! થઈને રહેશે. જેથી હવે હું તેનો ઈન્તેઝાર કરી રહ્યો છું અને મારા જુર્મને વારંવાર યાદ કરીને શર્મિંદો થઈ રહ્યો છું અને મારા જહન્નમી હોવાનો ઈકરાર કરું છું. *(ઈઝાલતુલ ખફા, ૨/૨૨૭)*

**સારાંશ** : ઉપરોક્ત વર્ણવેલ બંનેવ રિવાયતો તથા કરામતોથી એ સબક મળે છે કે અલ્લાહ તઆલા જો કે ઘણો જ મહાન સત્તાર તથા ગફફાર તથા રહીમ છે, પરંતુ જો કોઈ ''બદનસીબ તેના મહબૂબ બંદાઓની શાનમાં કોઈ ગુસ્તાખી તથા બેઅદબી કરે છે તો ખુદાવંદે કુદુસની કહહારી તથા જબ્બારી તે મરદૂદને હરગિઝ હરગિઝ માફ નથી કરતી બલ્કે જરૂર જરૂર દુનિયા તથા આખેરતના મહાન મહાન અઝાબોમાં સપડાવી દે છે અને તે બંનેવ જહાનમાં કહરે કહહાર તથા ગઝબે જબ્બારના પાત્ર થઈ જાય છે કે દુનિયામાં લઅનતોના વાર અને ફિટકાર તથા આખેરતમાં જહન્નમના અઝાબના સિવાય તેને કાંઈ નથી મળતું. રાફઝી તથા વહાબી જેમના દીન તથા મઝહબનો પાયો જ ખુદાના મહબૂબોની બેઅદબી પર છે, મેં એ ગુસ્તાખો તથા બેઅદબોમાંથી કેટલાયને મારી આંખોએ જોયા છે કે એ લોકો પર ખુદાના કહેરનો એવો માર પડયો છે કે તૌબા ! તૌબા ! અલ્અમાન. અને મરતી વખતે એ લોકોનો એટલો બુરો હાલ થયો છે કે તૌબા તૌબા ! નઊઝુબિલ્લાહ !

અલ્લાહ દરેક મુસલમાનને અલ્લાહવાળાઓની બેઅદબી તથા ગુસ્તાખીની લઅનતથી મેહફૂઝ રાખે અને પોતાના મહબૂબોની તાઝીમ તથા તૌકીર અને તેમના અદબો એહતેરામની તૌફીક બખ્શે.

**ખ્વાબમાં પાણી પીને ધરાય ગયા ! :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ ફર્માવે છે કે જે દિવસોમાં બાગીઓએ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના મકાનને ઘેરો ઘાલ્યો અને તેમના ઘરમાં પાણીનું એક ટીપુ જવાનું બંધ કરી આપ્યું હતું અને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ તરસની પીડાથી તડપતા રહેતા હતા. હું આપ رضی اللہ عنہની મુલાકાતના માટે હાજર થયો તો આપ એ દિવસે રોઝાદાર હતા. મને જોઈને આપે ફર્માવ્યું કે, હે અબ્દુલ્લાહ બિન સલામ ! આજે હું હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمના દીદારે પુર અન્વારથી ખ્વાબમાં મુશર્રફ થયો તો આપ صلی اللہ علیہ وسلمએ અત્યંત પ્રેમભર્યા લહેજામાં ફર્માવ્યું કે ઉષ્માન જાલિમોએ પાણી બંધ કરીને તમને તરસથી બેચૈન કરી આપ્યા છે ? મેં અર્ઝ કરી, જી હા ! તો તરત જ તો આપે બારીમાંથી એક ડોલ મારા તરફ લટકાવી દીધી જે અતિશય મીઠા તથા ઠંડા પાણીથી ભરેલી હતી. હું તેને પીને તૃપ્ત થઈ ગયો અને હવે અત્યારે જાગૃતાવસ્થામાં પણ એ પાણીની ઠંડક હું મારી બંનેવ છાતીઓ તથા બંનેવ ખભાઓ વચ્ચે મેહસૂસ કરું છું. પછી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, હે ઉષ્માન ! જો તમારી ઈચ્છા હોય તો આ બાગીઓના મુકાબલામાં તમારી મદદ કરું, અને જો તમે ચાહો તો અમારી પાસે આવીને રોઝો ઈફતાર કરો. હે અબ્દુલ્લાહ બિન સલામ ! મેં ખુશ થઈને એવું અર્ઝ કરી આપ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપના દરબારે પુર અન્વરમાં હાજર થઈને રોઝો ઈફતાર કરવું એ જિંદગી કરતાં હજારો લાખો ઘણુ વધારે મને પ્રિય છે. હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ ફર્માવે છે કે હું એના પછી વિદાય લઈને ચાલ્યો આવ્યો અને એ દિવસે રાતમાં બાગીઓએ આપ رضی اللہ عنہને શહીદ કરી નાખ્યા. *(અલ બિદાયા વન્નિહાયા, ૭/૧૮૨)*

Web : www.barkatekhwaja.net

**પોતાની દફન થવાની જગાની ખબર :** હઝરત ઈમામ માલિક رضی اللہ عنہએ ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એકવાર મદીના મુનવ્વરાના કૃબ્રસ્તાન જન્નતુલ બક઼ીઅના એ હિસ્સામાં તશરીફ લઈ ગયા જે "હશકોકબ" કહેવાય છે, તો આપે ત્યાં ઉભા રહીને એક જગા પર એવું ફર્માવ્યું કે નજીકમાં જ અહીં એક મર્દે સાલેહને દફન કરવામાં આવશે. જેથી ત્યારબાદ જ આપની શહાદત થઈ ગઈ અને બાગીઓએ આપના જનાઝા મુબારકની સાથે એટલા પ્રમાણમાં હુલ્લડબાજી કરી કે આપને ન રોઝા મુનવ્વરાની નજીક દફન કરી શકાયા ન જન્નતુલ બક઼ીઅના એ હિસ્સામાં દફનાવી શકાયા જે અગ્રગણ્ય સહાબાએ કિરામનું કૃબ્રસ્તાન હતું, બલ્કે સૌથી દૂર અલગ જગાએ "હશકોકબ"માં આપને દફન કરવામાં આવ્યા. કોઈ વિચારી પણ શકતુ ન હતું કે અહીં અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہની કૃબ્ર મુબારક બનશે, કેમ કે એ સમય સુધી ત્યાં કોઈ કૃબર પણ ન હતી. *(ઈઝાલતુલ ખફા, ૨/૨૨૭)*

**સારાંશ** : આ રિવાયતથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલા પોતાના અવલિયાને એ વાતોનો પણ ઈલ્મ અતા કરી આપે છે કે તેઓ ક્યાં અને ક્યારે મૃત્યુ પામશે અને કઈ જગાએ તેમની કૃબ્ર બનશે. જેમ કે સેંકડો અવલિયાએ કિરામના વર્ણનોમાં લખેલું છે કે આ અલ્લાહવાળાઓએ સમયથી પહેલાં લોકોને એ બતાવી આપ્યું કે તે ક્યારે, ક્યાં, અને કઈ જગાએ દફન થશે.

**જરૂરી ચેતવણી :** આ મોક઼ા પર અમુક વક્ર દષ્ટિવાળા તથા બદઅક઼ીદા લોકો અવામને બહેકાવતા રહે છે કે કુર્આને મજીદમાં અલ્લાહ તઆલાએ આવું ફર્માવ્યું છે : وَمَا تَدْرِیْ نَفْسٌۢ بِاَیِّ اَرْضٍ تَمُوْتُ "અને કોઈ જાન નથી જાણતી કે કઈ જમીનમાં મરશે." *(સૂ. લુક઼માન, આ. ૩૪)* એટલે કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ એને નથી જાણતુ કે તે કઈ જમીનમાં મરશે. જેથી અવલિયાએ કિરામના સર્વ કિસ્સા ગલત છે. એનો જવાબ એ છે કે કુર્આન મજીદની આ આયત હક્ક તથા બરહક્ક છે. અને દરેક મો'મિનનું એના પર ઈમાન છે પણ આ આયતનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાના બતાવ્યા સિવાય કોઈ શખ્સ પોતાની બુધ્ધિ તથા સમજ વડે એ વાતને નથી જાણી શકતો કે તે ક્યારે અને ક્યાં મરશે ? પરંતું જો અલ્લાહ તઆલા પોતાના ખાસ બંદાઓ અંબિયાએ કિરામ علیہم السلامને વહી થકી અને અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعینને કશ્ફો કરામત થકી એ ચીજોનો ઈલ્મ અતા કરી આપે છે તો એઓ પણ જાણી લે છે કે ક્યારે અને ક્યાં તેમનો ઈન્તેકાલ થશે.

સારાંશ કે અલ્લાહ તઆલા તો એ વાતને જાણે જ છે કે કોણ ક્યાં મરશે પરંતું અલ્લાહ તઆલાના બતાવી આપવાથી ખુદાના ખાસ બંદાઓ પણ એ વાતને જાણી લે છે કે કોણ ક્યાં મરશે. પણ ક્યાં અલ્લાહ તઆલાનો ઈલ્મ અને ક્યાં બંદાઓનો ઈલ્મ ?! અલ્લાહ તઆલાનો ઈલ્મ અઝલી (હમેશાંથી), ઝાતી (સ્વજાતે) અને કૃદીમ (હમેશાંથી હમેશા માટે) છે. અને બંદાનોનો ઈલ્મ અર્પણ થયેલ (અતાઈ) અને હાદિષ (પછીથી ઉદભવેલ) છે. અલ્લાહ તઆલાનો ઈલ્મ અઝલી અબદી (હમેશાંથી હમેશાં માટેનો) છે અને ગૈર મહદૂદ (અસીમિત) અને બંદાઓનો ઈલ્મ ફાની (નાશવંત) તથા મહદૂદ (સીમિત) છે.

હવે આ મસ્અલો અતિશય સફાઈપૂર્વક સ્પષ્ટ થઈ ગયો કે કુર્આની ઈર્શાદનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ કે કોણ, ક્યારે, અને ક્યાં મરશે. અને અહલે હક્ક અહલે સુન્નતનો એ અક઼ીદો કે અવલિયાએ કિરામ પણ જાણે છે કે કોણ, ક્યારે અને ક્યાં મરશે ? આ બંનેવ વાતો પોત પોતાની જગાએ સહીહ છે અને એ બંનેવ વાતોમાં હરગિઝ હરગિઝ કોઈ ટકરાવ નથી. કેમ કે જ્યાં એવું કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ નથી જાણતુ કે કોણ અને ક્યાં મરશે, એનો મતલબ એ છે કે ખુદાના બતાવ્યા વિના કોઈ નથી જાણતુ.

Web: www.barkatekhwaja.net

અને જ્યાં એવું કહેવામાં આવ્યું કે અંબિયાએ કિરામ હઝરાત عَلَیْہِمُ السَّلَام તથા અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین જાણે છે કે કોણ ક્યારે અને ક્યા મરશે, તો એનો મતલબ એ છે કે એ હઝરાત ખુદા ﷻના બતાવી દેવાથી જાણી લે છે. હવે વાંચકો ઈન્સાફ ફર્માવે કે આ બે વાતોમાં કયો ટકરાવ તથા વિવાદ બાકી રહે છે ?! બંનેવ વાતો પોતપોતાના સ્થાને ૧૦૦% સાચી તથા ખરી છે અલ્લાહ બેહતર જાણનાર છે.

**શહાદત બાદ ગયબી અવાજ ! :** હઝરત અદી બિન હાતિમ સહાબી رضی اللہ عنہનું બયાન છે કે હઝરત અમીરુલ મો'મિનીન ઉષ્માનગની رضی اللہ عنہની શહાદતના દિવસે મેં મારા કાનો વડે સાંભળ્યું કે કોઈ શખ્સ બુલંદ અવાજથી આ પ્રમાણે કહી રહ્યો હતો :–

اَبْشِرِ ابْنَ عَفَّانَ بِرَوْحٍ وَّرَیْحَانٍ وَّبِرَبٍّ غَیْرِ غَضْبَانَ
اَبْشِرِ ابْنَ عَفَّانَ بِغُفْرَانَ وَّرِضْوَانَ

''હઝરત ઉષ્માન બિન અફફાન رضی اللہ عنہને રાહત તથા ખુશબુની બશારત આપો અને ન નારાજ થનારા રબની મુલાકાતની ખુશખબરી સંભળાવો અને ખુદાના ગુફરાન તથા રિદ્‌વાનની પણ બશારત આપી દો.'' હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ ફર્માવે છે, હું એ અવાજને સાંભળીને આમ તેમ નજર દોડાવવા લાગ્યો અને પાછળ ફરીને જોયું પણ કોઈ શખ્સ જોવા મળ્યો.

*(શવાહિદુન્નબુવ્વત, પેજ–૧૫૮)*

**આપનો ગુસ્તાખ ફાડી ખાનારના મોંઢામાં :** નક્‌લ થયેલ છે કે હિજાઝનો એક કાફલો મદીના મુનવ્વરા પહોંચ્યા. સર્વ કાફલાવાળાઓ હઝરત અમીરુલ મો'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہના મઝારે મુબારક પર ઝિયારત કરવા અને ફાતિહાખ્વાનીના માટે ગયા, પરંતું એક શખ્સ જે આપનાથી કીનો તથા અદાવત ધરાવતો હતો. તે તૌહીન તથા અપમાનના તૌર પર આપની ઝિયારત માટે ન ગયો અને લોકોને કહેવા લાગ્યો કે એ ઘણે દૂર છે એટલા માટે હું નહીં જઉં.

એ કાફલો જ્યારે પોતાના વતન પરત જવા લાગ્યો તો કાફલાના સર્વ લોકો ખૈરો આફિયત અને સલામતી સાથે પોત પોતાના વતન પહોંચી ગયા, પરંતું તે શખ્સ જે આપ رضی اللہ عنہની કબ્રે અન્વરની ઝિયારતના માટે ગયો ન હતો એનો અંજામ એ થયો કે રસ્તા દરમિયાન કાફલાની વચ્ચે અંદરના ભાગે એક જંગલી જાનવર ડરાવતુ અને ગર્જના કરતુ આવ્યું અને તે શખ્સને પોતાના દાંતો વડે દબોચીને અને પંજા વડે ફાડીને ટુકડે ટુકડા કરી નાખ્યો.

આ દશ્ય જોઈને તમામ કાફલાવાળાઓએ એક ઝબાને કહ્યું કે આ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની બેઅદબી તથા તૌહીનનો અંજામ છે.

*(શવાહિદુન્નબુવ્વત, પેજ–૧૫૮)*

**સારાંશ :** ઉપરોક્ત ત્રણેવ રિવાયતોથી અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની શાનની જલાલત અને દરબારે ખુદાવંદીમાં તેમની મક્‌બૂલિયત તથા વિલાયત તથા કરામતના એવા અઝીમુશ્શાન નિશાન જાહેર થાય છે કે તેમના મર્તબાઓની બુલંદીઓની કોઈ કલ્પના પણ નથી કરી શકતું, અને અંતિમ રિવાયત તો એ ગુસ્તાખો માટે ખૂબ જ ઈબ્રતખેઝ તથા ખોફનાક નિશાની છે જે હઝરત ઉષ્માન رضی اللہ عنہની શાનમાં બદઝબાન થઈને ત્રણેવ ખલીફાઓ પર તબર્રાબાજી કરતા રહે છે, જેવો કે આપણા દૌરના શીઆઓનો નાપાક તથા બુરો તરીકો છે.

અહલે સુન્નત હઝરાત પર લાઝિમ છે કે તેમની મજલિસોમાં કદાપિ કદમ ન રાખે નહીં તો અલ્લાહ કહેરમાં સપડાવાનો ખતરનાક અંદેશો છે. ખુદવંદે કરીમ દરેક મુસલમાનને તેના કહેરો ગઝબથી બચાવીને રાખે અને હઝરાત ખુલફાએ કિરામ તથા સર્વ સહાબાએ કિરામની મહોબ્બત તથા અકીદતની દૌલત અતા ફર્માવે. આમીન.

Web. : www.barkatekhwaja.net

# પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક વાતો

કાર્યાલય

અલ્હમ્દુલિલ્લાહ ! ઈસ્લામના ઈતિહાસમાં ઈલ્મના સંપાદન ક્ષેત્રે આપણા મહાન મહાન ઈમામોના લાજવાબ કારનામાંઓ છે, જેના જ સદકામાં આજે કોઈ પણ મસ્અલાનો હલ વર્તમાન ઉલમા તથા મુફ્તિયાને કિરામ કરી લે છે અને કૌમે મુસ્લિમની રહનુમાઈ કરી રહેલ છે. પણ એ ઈલ્મી ખજાનાઓના સંપાદન માટે તેમણે કેવી કેવી મહેનત, લગન તથા કેવી કેવી મુશ્કેલીઓ વેઠીને ઈલ્મ પ્રાપ્ત કર્યો હતો એનાથી અવામે અહલે સુન્નત લગભગ નાવાકેફ છે. જેથી અત્રે પૂર્વજ બુઝુર્ગોએ કેવી તકલીફો વેઠીને તથા લગનથી તેમજ ઈખ્લાસ સાથે ઈલ્મ પ્રાપ્ત કર્યો હતો એ સંબંધે "અસ્લાફ કા દૌરે તાલિબે ઈલ્મી"ના હવાલાથી અમુક નમૂના રજૂ કરીએ છીએ જેનાથી પૂર્વજ બુઝુર્ગો પ્રત્યે આપણને સન્માનની ભાવના તથા આપણા પર તેમના અણમોલ એહસાનોનો એહસાસ થાય. સાથોસાથ વર્તમાનકાળના તાલિબે ઈલ્મો આજના સહૂલતના દૌરમાં પણ જે ઈલ્મ પ્રાપ્ત કરવામાં સુસ્તી કરે છે તેમને પણ દિલમાં તડપ પેદા થશે જે આપણી કૌમ માટે પણ અને તેમના પોતાના માટે પણ બંનેવ જહાનની ભલાઈનો સબબ બનશે. ઈન્શા અલ્લાહ !

### ★ ઈલ્મ પ્રતિ આકર્ષણ તથા શોખના નમૂનાઓ ★

માણસ જયારે કદીક કોઈ કામને કરવાનો ઈરાદો કરે છે તો એ કામને તે ત્યાં સુધી સારી રીતે પૂર્ણ નથી કરી શકતો જ્યાં સુધી કે તેનામાં તેને પૂર્ણ કરવાનો શોખ તથા જઝબો ન હોય. એ કામની પરિપૂર્ણતાના શોખ તથા જઝબા વગર જો એને શરૂ કરશે તો તે અધૂરુ રહી જશે અથવા તો પછી પહેલાં કરતાં વધુ બગડી જશે, જે શખ્સ કોઈ ચીજને મહેનતથી તલબ કરે છે તો તેને મેળવી લે છે, અને માણસ પોતાની કોશિશની માત્રા મુજબ પોતાની તમન્નાઓને પામી લે છે. એટલા માટે તાલિબે ઈલ્મ માટે જરૂરી છે કે તે ઈલ્મની તલબમાં મશગૂલ થતા પહેલાં પોતાનામાં ઈલ્મની લાલચ તથા શોખ પેદા કરે, કેમ કે જેટલા શોખથી ઈલ્મ હાંસલ કરશે તેને એટલો જ ફાયદો મળશે.

### ★ પોતાના લિબાસનો પણ હોશ ન રહેતો ! ★

હઝરત ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ ને ઈલ્મની અતિશય મશગૂલિયતમાં પોતાના લિબાસનો પણ હોશ ન રહેતો હતો. ઘરવાળાં મેલાં કપડાં ઉતારાવતાં તો ઉતારી દેતા, નહીં તો એમને તેનો એહસાસ ન થતો હતો ! તેમની ઈલ્મી મશગૂલિયત તથા વ્યસ્તતાની હાલત એ હતી કે ઘણી વાર કોઈ સલામ કરતું તો જવાબમાં સલામને બદલે દુઆ કરવા લાગતા. સલામ કરનારો બીજીવાર સલામ કરતો તો બીજીવાર તે દુઆના શબ્દો દોહરાવતા.

*(બલગુલ અમાની, પેજ–૭૧)*

આજે તો ટીપ ટોપથી રહેવામાં તથા પોતાના શણગારમાં ઘણા તાલિબે ઈલ્મો સમય વેડફી નાખે છે, પણ ઈલ્મની લગન હોય તો આવી હોવી જોઈએ. લગન વગર ઈલ્મ પામવો મુશ્કેલ છે.

### ★ ઈલ્મના માટે ખ્વાહિશ તથા લાલચના નમૂના ★

ઈમામ ઈબ્ને મુઈન رحمۃ اللہ علیہ ફર્માવે છે : મારી ખ્વાહિશ છે કે હું કોઈ મોઅતબર (વિશ્વસનીય) મુહદ્દિષની પાસે જાઉં, તેની પાસે એક ઘર હોય, એક રૂમ હોય જે કિતાબથી ભરેલો હોય અને હું ત્યાં બેસીને એકલો લખ્યા કરું. (સુબ્હાનલ્લાહ ! શું શોખ છે !)

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને અલ્લાહ جل جلالہ એ

Web : www.barkateKhwaja.net

ઈલ્મથી અસાધારણ મહોબ્બત નસીબ કરી હતી. તેમને પૂછવામાં આવ્યું, ઈલ્મની સાથે આપની મહોબ્બત કેવી છે ? ફર્માવવા લાગ્યા, જ્યારે કોઈ નવી વાત કાનમાં પડે છે તો મારા શરીરનો દરેકે દરેક હિસ્સો તેનાથી ખુશ થઈ જાય છે. પછી પૂછવામાં આવ્યું કે ઈલ્મના માટે આપની લાલચ કેવી છે ? ફર્માવવા લાગ્યા, જેટલી કંજૂસ માણસને માલની લાલચ હોય છે. પૂછવામાં આવ્યું, ઈલ્મની તલબમાં આપની શું કૈફિયત હોય છે ? ફર્માવ્યું, એ માની જેમ જેનો એકનો એક પુત્ર ગુમ થઈ ગયો હોય.

*(તવાલિત્તાસીસ, પેજ–૧૦૫)*

હઝરત અબૂબક્ર બિન અયાશ رحمۃ اللہ علیہ કહે છે : હું ઈમામ આસિમ رحمۃ اللہ علیہની પાસે ત્રણ વરસો સુધી આવતો જતો રહ્યો, ગરમીમાં, ઠંડીમાં, વરસાદમાં, ત્યાં સુધી કે મને બનૂ કાહિલની મસ્જિદના લોકોથી શરમ આવતી હતી કે મારા ખૂબ જ અધિક પ્રમાણમાં આવજા કરવાના કારણે તેમને અકળામણ તથા તકલીફ ન થાય. *(સિયરે અઅ્લામુન્નબલા, ૫/૫૦૨)*

## ★ ઈલ્મ પ્રાપ્તિની લાલચના બોધદાયક નમૂનાઓ ★

હઝરત હસન બિન હુસૈન દારસ્તાની ફર્માવે છે, મેં ઈમામ અબૂ હાતિમ رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે હઝરત અબૂ ઝરઆ રાઝી رحمۃ اللہ علیہએ મને કહ્યું, મેં તમારા કરતાં અધિક હદીષની તલબમાં લાલચી નથી જોયા. મેં તેમને કહ્યું કે મારો પુત્ર અબ્દુર્રહમાન પણ લાલચી છે. આપે ફર્માવ્યું, જે પોતાના બાપના મુશાબેહ (ના જેવો) હોય તે બાપથી પાછળ નથી. લખનારે લખ્યું છે કે મેં આપના પુત્ર અબ્દુર્રહમાનથી તેમના સમાએ હદીષ (હદીષને સાંભળવા)ની કષરત (અતિ અધિક્તા) અને આપના સવાલો (જરહ તથા તઅદીલ તથા હદીષો)ના વિશે પૂછયું તો તેમણે ફર્માવ્યું, ક્યારેક અબ્બાજાન ખાતા હતા અને ક્યારેક ચાલતા હતા અને હું પઢી રહ્યો હોતો. ક્યારેક બયતુલ ખલા (સંડાસ)માં હોતા અને પઢી રહ્યો હોતો. ક્યારેક ઘરમાં કોઈ ચીજની તલાશમાં હોતા અને હું તેમની સામે હદીષ પઢી રહ્યો હોતો.

*(સિયરે અઅ્લામુન્નબલા, ૧૩/૨૫૦)*

હઝરત ઓબૈદ બિન યઈશ જલીલુલ કદર મુહદ્દિષ તથા ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમના શયખ છે. અલ્લામા ઝહબીએ ''સિયરુલ અઅ્લામુન્નબલા''માં તેના વર્ણનમાં લખ્યું છે કે, ત્રીસ વરસ સુધી તેમને તેમનાં બહેન તેમને રાતનું ખાવા ખવડાવતાં રહ્યાં અને એ પોતે ખાવા દરમિયાન લખવામાં વ્યસ્ત રહેતા.

*(હવાલો : ઉપર મુજબ, ૧૧/૪૫૮)*

હઝરત મુહમ્મદ બિન સહનૂન رحمۃ اللہ علیہ ઉચ્ચ કોટીના મુહદ્દિષ અને માલિકી ફિકહના જલીલુલ કદર આલિમ છે. અલ્લામા કાઝી અયાઝ ''તરતીબુલ મદારિક''માં એમના તર્જુમા હેઠળ તેમની ઈલ્મી વ્યસ્તતા વિશે એક અજીબ બનાવ લખ્યો છે કે ઈશાના સમયે ''ઉમ્મે મદામ'' નામની તેમની ખાદિમાએ તેમની પાસે ખાવા હાજર કર્યું કે આપ લખવામાં વ્યસ્ત હતા એટલે તેમણે રોકાવા કહ્યું. બિચારી ખાદિમા ઘણીવાર સુધી રાહ જોતી રહી અને જ્યારે કંટાળી ગઈ તો તેણીએ જાતે જ કોળિયા બનાવીને તેમને ખવડાવવાનું શરૂ કર્યું. આપ કામ કરતા રહ્યા અને ખાતા રહ્યા. પૂરી રાત મશગૂલિયતની આ હાલતમાં રહ્યા. જ્યારે સવારની અઝાન થઈ તો હોશ આવ્યો. ખાદિમાને સંબોધીને કહેવા લાગ્યા, ઉમ્મે મદામ ! આજે રાતે હું મશગૂલ રહ્યો તો ખાવા જે કાંઈ છે તે લઈ આવ. બાંદીએ કહ્યું, હુઝૂર ! ખાવા તો મેં તમને ખવડાવી દીધુ હતું. કહેવા લાગ્યા, મને તો એનો એહસાસ પણ નથી થયો !

*(કીમતુઝઝમન ઈન્દલ ઉલમા, પેજ : ૪૦)*

## ★ સવારથી સાંજ સુધી ઈલ્મી વ્યસ્તતા ★

ઈમામ અબૂ હાતિમ رحمۃ اللہ علیہ ફર્માવે છે, અને હઝરત ઈમામ કઅબનીથી અર્ઝ કરી, આપ અમને

Web.: www.barkatekhwaja.net

"મોઅત્તા ઈમામ માલિક" સંભળાવો. ફર્માવ્યું કે સવારે આવી જજો. અમે અર્ઝ કરી, અમે સવારે હઝરત હજ્જાજ બિન મિન્હાલની મજલિસમાં હોઈએ છીએ. ફર્માવ્યું, જ્યારે તેમનાથી ફારિગ થઈ જાવ ત્યારે આવી જજો. અમે અર્ઝ કરી, પછી અને હઝરત મુસ્લિમ બિન ઈબ્રાહીમની મજલિસમાં હોઈએ છીએ. જ્યારે તેમનાથી ફારિગ થઈ જાવ ત્યારે આવજો. અમે અર્ઝ કરી, પછી અમે હઝરત અબૂ હુઝૈફા નહદીની મજલિસમાં જઈએ છીએ. ફર્માવ્યું, અસર બાદ આવજો. અમે અર્ઝ કરી, અમે અબૂ નોઅમાન આરિમની પાસે હોઈએ છીએ. ફર્માવ્યું, મગરિબ બાદ આવજો. અમે કહ્યું, ઠીક છે. આપ અમારી પાસે રાતના સમયે તશરીફ લાવતા હતા અને આપ પર એક પોસ્તીન કે તંગ કપડુ રહેતુ હતું. ગરમીમાં એના સિવાય આપના શરીર પર કાંઈ રહેતુ ન હતું. એટલી સખત ગરમીમાં પણ આપ અમને મરવિય્યતે હદીષ રિવાયત કરતા હતા. *(અલ્જરહ વત્તઅદીલ, ૫/૧૮૧, સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૦/૨૬૦)*

હઝરત અબુલ વફા અલી બિન અક઼ીલ હંબલી કહેતા હતા કે મારા માટે જાઈઝ નથી કે જિંદગી એક પળ પણ બેકારમાં ગુમાવું. જ્યારે મારી જીભ પઢવાથી થાકી જાય છે અને નિગાહ કિતાબોમાં જોવાથી ઉકતાઈ થઈ જાય છે તો હું ઈત્મિનાન સાથે સૂઈ જાઉં છું અને એ દરમિયાન દિમાગમાં મવાદ ભેગો કરી લઉં છું. એટલે સુધી કે જ્યારે ઉઠુ છું તો દિલમાં ખયાલ આવે છે કે ફલાણા ફલાણા વિષય પર લખું. મને એંસી વરસની ઉમરમાં જેટલા પ્રમાણમાં ઈલ્મનો શોખ છે એટલો એ વખતે પણ ન હતો જ્યારે હું ૨૦ વરસનો હતો. *(ઝીલ તબક઼ાતુલ હનાબિલા)*

આવા શાગિર્દો હતા અને આવા ઉસ્તાદો હતા ત્યારે દીની ઈલ્મી ખજાનો આપણા સુધી આવ્યો છે ! તો આ ઈલ્મી ખજાનાની આપણે ક઼દર કરતાં શીખવું જોઈએ. આજે સામાન્યતઃ તલબામાં અને પબ્લિકમાં પણ વાંચનનો શોખ નહિવત જેવો છે એ આપણા માટે અફસોસની વાત છે કે કિતાબોથી દૂરી એટલે જેહાલત તરફ પ્રયાણ છે અને એનુ પરિણામ ગુમરાહી તથા બેદીની સિવાય કાંઈ નથી હોઈ શકતું.

### ★ ઈલ્મના ખાતર તકલીફો વેઠવાના બનાવો ★

જ્યારે કોઈ ચીજથી મહોબ્બત થાય છે અને તેની પ્રાપ્તિની તમન્ના દિલને બેચૈન તથા બેક઼રાર કરે છે તો એવું નથી થતું કે તેની પ્રાપ્તિની આડમાં આવનારી મુસીબતો તથા તકલીફોથી સાચો તાલિબ ગભરાયને પાછો હટી જાય છે. એ જ પ્રમાણે ઈલ્મનો પ્યાસો પણ તેને પામવાના માર્ગમાં આવતી તકલીફોને ગળે લગાડે છે અને ઈલ્મ પામવામાં આગેકૂચ કરતો રહે છે જેથી ખુદાના ફઝ્લો કરમથી અને તેની તૌફીક઼થી ઈલ્મના અલંકારોથી પોતાને સજ્જ કરતો જાય છે. જેથી તાલિબે ઈલ્મે નબવિય્યહઅ્ જોઈએ કે તે પોતાનો ઈલ્મી સફર સતત જારી રાખે અને ગમે તેટલી મુસીબતોનો સામનો કરવો પડે કદાપિ પોતાના માથા પર કરચલી ન પડવા દે. બલ્કે સબ્ર કરે અને સબ્ર પણ સબ્રે જમીલ હોય. સબ્રે જમીલના વિશે અમુક સૂફીઓનો ક઼ૌલ છે : "સબ્રે જમીલ એ છે કે તું કોઈ તકલીફની ફરિયાદ લોકો સમક્ષ ન કરે." તાલિબે ઈલ્મે જોઈએ કે જે કાંઈ થોડુ મળી જાય એના ક઼નાઅત કરે (થોડામાં રાજી રહે) અને પહેરવા માટે જરૂર પૂરતુ જે મળી જાય તેને ગનીમત સમજે. એટલા માટે કે તાલિબે ઈલ્મીના જમાનામાં તંગદસ્તી તથા તંગદામની પર સબ્ર કરવું એ ઈલ્મની વિશાળતાનો ઝરીયો છે.

### ★ ઈલ્મની તલબમાં ભૂખ્યા તરસ્યા રહેવું ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની સાથે તલબે ઈલ્મના દરમ્યાન વારંવાર એવું થતું કે ભૂખના કારણે આપ બેહોશ થઈ જતા અને લોકો સમજતા કે કોઈ બીમારીના કારણે બેહોશ થઈ ગયા. એકવાર ત્રણ દિવસ પસાર થઈ ગયા પણ આપના ગળાથી પાણી સિવાય કાંઈ ન ઉતર્યું. આપ મજબૂર તથા પરેશાન

Web.: www.barkatekhwaja.net

થઈને સુફ્ફાથી બહાર નીકળ્યા કે કોઈ સાથી મળી જાય તો એનાથી ખાવાની કોઈ ચીજ લઈ લે. એવામાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ તશરીફ લાવ્યા. આપે આગળ વધીને સલામ કરી અને ચાલતાં ચાલતાં મસાઈલની ચર્ચા શરૂ કરી દીધી કે એ બહાને ઘરે પહોંચી જાય. પણ હઝરત સિદ્દીક رضی اللہ عنہનું ધ્યાન એ તરફ ન ગયું અથવા એમના ત્યાં પણ કાંઈ નહીં હોય જેથી સઘળી ચર્ચા બહાર પતાવીને મુસાફો કરી બહારથી જ વિદાય કરી આપ્યા. એવામાં જોયું કે હઝરત ઉમર رضی اللہ عنہ આવી રહ્યા છે. તેમની સાથે પણ એ જ પ્રમાણે બન્યું.

આપ પરત થઈ રહ્યા હતા તો જોયું કે મહબૂબે રબ્બુલ આલમીન, શફીઉલ મુઝનબીન ﷺ તશરીફ લાવી રહ્યા છે. હુઝૂર ﷺ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને જોતાં જ મુસ્કુરાયા અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! લાગે છે કે ભૂખની સખ્તીથી બેચેન છો ! આપે હા પાડતાં માથુ હલાવ્યું. હુઝૂર તેમને સાથે ઘરે લઈ ગયા. અંદરથી દૂધનો પ્યાલો લાવ્યા તો અબૂ હુરૈરહ્‌ની જાનમાં જાન આવી ! પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે અસ્હાબે સુફ્ફાને બોલાવી લાવો. એ વખતે સુફ્ફામાં ૭૦ સહાબીઓ હતા. ટૂંકમાં એ કે સુફ્ફાના સહાબીઓ આવી ગયા અને દરેકે વારાફરતી એ એક પ્યાલામાંથી ધરાઈને દૂધ પીધું છતાં પ્યાલો ભરાયેલો જ રહ્યો, છેલ્લે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ધરાઈને પીધું. આ'લા હઝરત ફર્માવે છે : (શેઅર)

*ક્યૂં જનાબે બૂ હુરૈરહ્ થા વો કૈસા જામે શીર*
*જિસસે સત્તર (૭૦) સાથિયોં કા દૂધ સે મુંહ ફિર ગયા*

આ હતી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની ઈલ્મની તડપ કે ઈલ્મ પ્રાપ્તિ ખાતર સરકાર علیہ الصلوٰۃ والسلامના દરબારમાં સદા રહેતા, ન ખાવાની ફિકર ન કમાવાની ફિકર ! અને આવી ભૂખ પ્યાસ સહન કરતા હતા ત્યારે જ તેમના થકી અનેક હદીષો આપણા સુધી પહોંચી જે આપણી દીની દુનિયવી રહનુમાઈ કરી રહી છે.

## ★ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ વેઠેલી તકલીફો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : જ્યારે રસૂલુલ્લાહ ﷺની વફાત થઈ તો હું નવ યુવાન હતો. મેં એક અન્સારી નવયુવાનને કહ્યું કે આવો આપણે રસૂલુલ્લાહ ﷺના સહાબાથી ઈલ્મ હાંસલ કરીએ અને એમનાથી મસાઈલ પૂછીને જાણકારી મેળવીએ, એટલા માટે કે અત્યારે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین મોટી સંખ્યામાં મૌજૂદ છે. તે અન્સારીએ કહ્યું, હે ઈબ્ને અબ્બાસ ! તમારા પર આશ્ચર્ય છે ! શું તમે સમજો છો કે લોકોને મસાઈલ પૂછવાની તમારાથી પણ જરૂરત પડશે, જ્યારે કે લોકોમાં મહાન મહાન સહાબીઓ મૌજૂદ છે ?! ફર્માવે છે કે તે તો મારી સાથે ન જોડાયા, પણ હું ઈલ્મ પ્રાપ્તિ તરફ ધ્યાનિત થઈ ગયો અને અસ્હાબે રસૂલ ﷺથી હદીષ શીખવામાં લાગી ગયો. જ્યારે પણ કોઈ સહાબીના બારામાં ખબર પડતી કે એમની પાસે સરકાર ﷺની કોઈ હદીષ છે તો હું તેમની બારગાહમાં આવતો. જો તેમને બપોરના સમયે કૈલૂલ કરતાં પામતો તો મારી ચાદરને બિસ્તર બનાવીને તેમના દરવાજા પર સૂઈ જતો. હવા મારા ચહેરા પર ધૂળ ઉડાડતી રહેતી, ત્યાં સુધી કે તે બહાર તશરીફ લઈ આવતા તો ફર્માવતા, હે રસૂલુલ્લાહ ﷺના કાકાના પુત્ર ! તમને કઈ ચીજ અહીં લઈ આવી ? તમે મારા તરફ પયગામ મોકલ્યો હોત તો હું પોતે જ હાજર થઈ જાત. હું અર્ઝ કરતો કે, નહીં ! મારો જ હક્ક છે કે હું જ હાજરી આપું. પછી હું અર્ઝ કરતો કે મારા સુધી એક હદીષ આપના હવાલાથી પહોંચી છે કે આપ તેને રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરો છો, એટલા માટે હું આપના થકી જ તેને સાંભળવા ચાહું છું.

બાદમાં મારો સાથી મને જોયા કરતો હતો કે રસૂલુલ્લાહ ﷺના જલીલુલ કદર સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો ઈન્તેકાલ થઈ ગયો તો લોકો મારી આસપાસ જમા થઈ ગયા અને મને મસાઈલ

www.barkatekhwaja.net

પૂછવા લાગ્યા. મારા એ સાથી મને કહ્યા કરતા હતા કે આ નવજવાન મારા કરતાં બુદ્ધિશાળી નીકળ્યો.

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ પણ ફર્માવ્યા કરતા હતા કે મેં વધારે પડતો ઈલ્મ આ અન્સારના મહોલ્લામાં હાંસલ કર્યો. હું અહીં આવીને કોઈના દરવાજા પર સૂઈ જયા કરતો હતો. જો હું તેમના ઘરમાં જવાની ઈજાઝત માગતો તો મને ઈજાઝત આપી દેતા. પણ હું તેમના આરામનો ખયાલ રાખતો હતો. *(સુનને દારમી, ૧/૧૦૩)*

ઈતિહાસના અભ્યાસથી જાણવા મળે છે કે જે અગ્રગણ્ય ઉલમાએ ઈલ્મ પ્રાપ્તિ માટે તકલીફો ઉઠાવી તેમને અલ્લાહ તઆલાએ ઈલ્મની દોલતથી માલમાલ કર્યા. એટલા માટે કહેવામાં આવે છે કે, ''જે મહેનત તથા કોશિશ તથા જિદ્દો જેહદ વિના બુલંદીનો તલબગાર છે તે પોતાની જિંદગી અશક્ય ચીજની શોધમાં વેડફી રહેલ છે.'' એ જ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે, ''જે સરબુલંદી ચાહે છે તે શબબેદારીની આદત બનાવી લે.''

## ★ ઈલ્મ પ્રાપ્તિમાં તકલીફ વેઠવા વિશે કેટલાક દૃષ્ટાંતો ★

મશહૂર તાબઈ હઝરત સઈદ બિન મુસૈયિબ رضی اللہ عنہ ફર્માવે છે કે એક એક હદીષ માટે હું કેટ કેટલાય દિવસો અને રાતો પગપાળા ચાલ્યો છું ત્યારે મહાન હેતુ સિદ્ધ થયો.

*(સફહાતે મન સબરુલ્ ઉલમા, પેજ—૨૨)*

હઝરત હમ્માદ બિન અબી સુલૈમાનનાં બહેન હઝરત આતિકા رحمۃ اللہ علیہا ફર્માવે છે : નોઅમાન (ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ) તાલિબે ઈલ્મીના દૌરમાં અમારા ઘરની બહાર અમારુ રૂ પીંજ્યા કરતા હતા અને દૂધ, શાકભાજી બજારથી ખરીદી લાવતા હતા. જ્યારે કદી કોઈ ફત્વો પૂછનાર દરવાજા પર આવતો અને મસ્અલો પૂછતો તો તેને જવાબ આપતા. પછી પૂછનારને કહેતા થોડીવાર થોભી જાવ, હમણા આવું છું. પોતાના ઉસ્તાદ હમ્માદ رحمۃ اللہ علیہની પાસે જતા અને કહેતા કે બહાર એક શખ્સ આવ્યો છે તેણે મને આ મસ્અલો પૂછયો છે અને મેં તેને આ જવાબ આપ્યો છે. આપની આ મસ્અલામાં શું રાય છે ? હઝરત હમ્માદ ફર્માવતા આ હદીષ ઉલમાએ વર્ણવી છે, આપણા અસ્હાબનો ઈર્શાદ આ પ્રમાણે છે, અને ઈબ્રાહીમ નખઈ رحمۃ اللہ علیہએ આ ઈર્શાદ ફર્માવ્યો છે. પછી નોઅમાન એમનાથી ઈજાઝત માગતા કે આ વાત આગળ વર્ણન કરી આપુ ? તેમની ઈજાઝત બાદ આગળ રિવાયત કરતા. આવી મહેનત અને આવી સાવધાની હતી.

હઝરત ઉરવા બિન ઝુબૈર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે મને કોઈ મુહાજિર સહાબીના હવાલાથી કોઈ હદીષ પહોંચતી તો એ હદીષને તેમના થકી સાંભળવા માટે તેમના ઘરે હાજર થતો. એ કૈલૂલા કરી રહ્યા હોતા તો હું તેમના દરવાજા પર બેસી જતો. જ્યારે તે બહાર તશરીફ લાવતા તો તેમને પૂછી લીધા કરતો.

*(તારીખુલ ઈસ્લામ લિલ્ઝહબી)* (ક્રમશઃ)

Web.www.barkatekhwaja.net

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૫૨૫/– (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# શ્રી લંકાની હાલની સ્થિતિ પરથી આપણે બોધ લેવો જોઈએ

**અઝ : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

શ્રી લંકા હાલમાં પોતાની આર્થિક કટોકટી અને રાજકીય તથા સામાજિક અશાંતિના કારણે હેડલાઈન્સમાં છે. ચારેવ તરફથી બેબસી અને નિરાશાના અવાજો ઉઠી રહ્યા છે. રાજકારણીઓ પરથી જનતાનો ભરોસો ઉઠી ગયો છે અને સમગ્ર દેશ એક ભયાનક દશ્ય રજૂ કરી રહ્યો છે. આમ લોકોની જિંદગી એટલી જટિલતાનો ભોગ બની ગઈ છે કે આ વમળમાંથી સલામતીની સાથે નીકળી આવવું તેમના માટે કોઈ ચમત્કારથી કમ નહીં હોય. સામાન્ય લોકો પાસે ન ભોજન પકાવવા માટે બળતણની વ્યવસ્થા થઈ રહી છે અને ન તો દવા ઈલાજ માટે મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ છે. લોકો સડકો પર નીકળી રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનનાં ઘરો અને કચેરીઓ સુધી પહોંચી સખત પ્રદર્શનો કરી રહ્યા છે અને દરેક તરફ અરાજકતાનો માહોલ પેદા થઈ ગયો છે.

ગોટાબયા રાજપક્ષે જેનો ચુનાવ શ્રીલંકાની જનતાએ નવેમ્બર ૨૦૧૯માં કર્યો હતો. તેનું બેકગ્રાન્ડ આપણને ઘણુ બધુ બતાવે છે કે આપણે પણ આવા નેતાઓને ચૂંટવાથી બચવું જોઈએ. ગોટાબયા રાજપક્ષેનું જીવન હમેશાં વિવાદોના ઘેરામાં રહ્યું છે. તે વડાપ્રધાન બનવાથી પહેલાં વ્યવસાયથી લેફટન્ટ જનરલ તથા હોદ્દાની રૂએ ડિફેન્સ સેક્રેટરી રહી ચૂક્યા છે. શ્રીલંકાથી L.T.T.E.ના ખાત્મામાં ગોટાબયાનો મહત્વનો ફાળો રહ્યો છે. પરંતુ તેમનું દામન U.N.O.ની રિપોર્ટ મુજબ ચાલીસ હજાર નિર્દોષ લોકોનાં ખૂનથી પણ રંગાએલુ છે. ગોટાબયાએ કદી તેને સ્વીકાર્યું તો નથી જેમ કે દરેક નિરંકુશની એ જ પ્રકૃતિ હોય છે, પરંતુ શ્રીલંકામાં માનવાધિકારો માટે કાર્યરત લગભગ સર્વ સંસ્થાઓએ તેમના ચૂંટાવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમનું માનવું હતું કે શ્રીલંકાના અલગ અલગ વર્ગો વચ્ચે દૂરીમાં અધિક વધારો થશે અને માનવાધિકારોની પાયમાલી ખુલેઆમ થશે. આ ચિંતાઓ અકારણ ન હતી.

ગોટાબયા રાજપક્ષે એ બાબતે પણ બદનામ રહ્યા છે કે તેમણે કેટલાય પત્રકારો અને માનવાધિકારો માટે કાર્યરત લોકોને ગાયબ કરી દીધા જેમનો આજ સુધી પતો ન લાગ્યો. એક પત્રકાર જેને ગોટાબયાએ ૨૦૧૦માં કથિત રીતે ગુમ કરાવી દીધો હતો, તેની પત્નીએ ૨૦૧૯માં ગોટાબયાના ચૂંટાવા પર પોતાનો ભય જાહેર કરતાં તે સમયે "અલ્જઝીરા" અંગ્રેજીના સંવાદદાતાને જણાવ્યું હતું કે હવે તેને ઉમ્મીદ નથી કે તેના પતિના ગુમ થવા બાબત ચાલતી તપાસને ચાલુ રાખવામાં આવશે. જરા વિચાર કરો કે આટલા બધા આક્ષેપો અને ચિંતાઓના ઘેરાવમાં રહેનાર વ્યક્તિ પર બાવન ટકા વોટથી સફળ થઈ ગયો હતો. કારણ કે શ્રીલંકાના બૌધ્ધમતને માનનાર સિન્હાલી વર્ગ જે ત્યાં બહુમતિમાં છે, તેણે અને વિશેષ રીતે બૌધ્ધ લોકોના કટ્ટર ધર્મગુરૂઓએ ગોટાબયાનું ભારે સમર્થન કર્યું હતું, આ વ્યક્તિ જેનો રેકોર્ડ માનવાધિકારો બાબતે અત્યંત કાળો છે તેને ધાર્મિક કટ્ટરપંથીઓનું સમર્થન મળી ગયું હતું.

ગોટાબયાએ ચૂંટણી ઝુંબેશ દરમિયાન પોતાને એક મજબૂત આગેવાનના રૂપમાં રજૂ કર્યો હતો અને સાથે જ એ વાયદો પણ કર્યો હતો કે દેશની આર્થિક સ્થિતિને બેહતર કરશે. અજબ સંયોગ જુઓ કે એ બંને વાયદાને પૂરા કરવામાં ગોટાબયા માત્ર બે વરસથી ઓછી મુદતમાં જ બુરી રીતે નિષ્ફળ થઈ ગયા. જ્યાં સુધી દેશને સુરક્ષા પ્રદાન કરવા અને મજબૂત કરવાની વાત છે તો તેનું દશ્ય આજે સમગ્ર વિશ્વ સમક્ષ છે કે પોતાની જ જનતાના આક્રોશને રોકવાના પ્રયાસમાં એપ્રિલ–૨૦૨૨માં ઈમરજન્સી લાગુ કરી દીધી જેને ત્યાંની જનતા તથા વિશેષરૂપે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ખાસ કરીને U.N.O. ના દબાવમાં ૧૬ એપ્રિલે સમાપ્ત કરવી પડી. વાંચકોને યાદ હશે કે આ સખત આર્થિક અને રાજનૈતિક કટોકટીથી પહેલાં શ્રીલંકા લગભગ એ જ પધ્ધતિ પર ચાલી રહ્યું હતું જેના પર હાલમાં હિંદુસ્તાનમાં અહિંયાની

web: www.barkatekhwaja.net

બહુમતિએ પોતાને નાખી રાખેલ છે. ત્યાંના બૌધ્ધમતને માનનાર બહુમતિએ પણ હલાલ સર્ટિફિકેટ, હિજાબ તથા બુર્ખા અને મુસલમાન તથા તામિલ લઘુમતિ વિરૂધ્ધ ઝહેર ફેલાવવા અને તેમના જાનમાલ પર હુમ્લાનો એક અવિરત ક્રમ શરૂ કરી રાખ્યો હતો. તેઓ પણ જાણતા હતા કે ગોટાબયા રાજપક્ષ શ્રીલંકાની લઘુમતિને તેમની અસલ ઔકાતમાં રાખશે, પરંતુ તેનું પરિણામ આજે સૌના સમક્ષ છે.

શ્રી લંકાના લોકો આજે જીવન ગુજારવા માટેની આવશ્યક સામાન્ય અને જરૂરતની ખાનપાનની વસ્તુઓથી વંચિત થઈ ગયા છે. પેટ્રોલનો પુરવઠો ન હોવાના કારણે વાહનો અને જાહેર પરિવહન સંશાધનો સુધ્ધાં થપ પડી ગયાં છે. સામાન્ય લોકો માટે પોતાના રોજગારના સ્થળોએ પહોંચવું તો દૂરની વાત, જીવન વીતાવવું કઠિન થઈ ગયું છે. જે લોકોએ કદી ગોટાબયા રાજપક્ષેની સફળતા પર જશન મનાવ્યું હતું, હવે એ જ લોકો સતત માગ કરી રહ્યા છે કે તેઓ પોતાના પદથી રાજીનામુ આપી દે. આખી કેબિનેટે પોતાનું રાજીનામુ રજૂ કરી દીધું છે અને સાથી રાજકીય પક્ષોના સાંસદ સભ્યોની મોટી સંખ્યા પણ આ ડૂબતી નાવને છોડી ચૂક્યા છે, પરંતુ રાજપક્ષે કોઈપણ સંજોગોમાં પોતાના પદથી રાજીનામું આપવા તૈયાર નથી. કેટલાક દિવસો સુધી રાજપક્ષે જનતાના આ દબાણને ઉઠાવી શકશે એ કહેવું તો મુશ્કેલ છે, જો કે એક વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે એક બેલગામ વ્યક્તિને ચૂંટીને શ્રી લંકાના લોકોએ જે ભૂલ કરી હતી તેની બદ્તરીન સજા તેમને મળી રહી છે.

જો આપણે હિંદુસ્તાનના રાજકારણ અને સામાજિક તણાવની સરખામણી શ્રી લંકાથી કરીએ તો જાણવા મળે છે કે અહીંયાની બહુમતિ પણ એ જ ભૂલો કરી રહી છે જેમાં આપણો પડોશી દેશ શ્રી લંકા સંડોવાયને સખત આઝમાઈશનો ભોગ બની ગયો છે, હિંદુસ્તાનમાં પણ લઘુમતિઓ સાથે જે પ્રકારનો વર્તાવ કરવામાં આવી રહ્યો છે અને સતત તેમના સામે જે મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી રહી છે તે એક ન એક દિવસે આપણા દેશની સુરક્ષાને સખત ખતરામાં નાખવાનું કારણ બની જશે.

અહીંયાની બહુમતિએ જે રીતે મુસલમાનો અને અન્ય કમજોર વર્ગના લોકો સાથે જે ભેદભાવ બલ્કે દુશ્મનો જેવો જે વર્તાવ પાછલા કેટલાય વરસોથી રાખ્યો છે તેની કિંમત દેશને ચૂકવવી પડી શકે છે. હિંદુસ્તાનની આર્થિક વ્યવસ્થા પણ દિવસે દિવસે ખરાબ થતી જઈ રહી છે, જાહેર સંપત્તિઓ અને કંપનીઓનું ખાનગીકરણ થઈ રહ્યું છે. ગરીબીના દરમાં વધારો થઈ રહ્યો છે, મોંઘવારીના મારથી સામાન્ય લોકોની હાલત કથળી છે. નોકરી અને રોજગારની ટકો રોજ બરોજ ઘટી રહી છે અને સર્વ બંધારણીય સંસ્થાઓ પોતાની મહત્વતા ગુમાવતી જઈ રહી છે. એક મજબૂત લીડર ચૂંટવાના ભ્રમે અહીંયાંની લોકશાહીને સખત નુકસાન પહોંચાડયું છે, સાંપ્રદિયક્તાના ઝેરી વાતાવરણથી આખો દેશ દુષિત થઈ રહ્યો છે.

દેશની સૌથી મોટી લઘુમતિ વિરુદ્ધ પ્રતિ દિન એક નવો મોરચો ખોલવામાં આવી રહ્યો છે. હિજાબ, અઝાન, હલાલ સર્ટિફિકેટ અને બિરયાની તથા ફળ ફ્રુટ દરેક ચીજના નામ પર મુસ્લિમ લઘુમતિનું જીવન મુશ્કેલ બનાવવામાં આવી રહ્યું છે. વારંવાર મુસલમાનોના કત્લેઆમના એલાન કરવામાં આવી રહ્યાં છે, પબ્લિકને ભડકાવવા ધર્મગુરૂઓ (!) થકી ખુલ્લેઆમ મુસ્લિમ સ્ત્રીઓ પર બળાત્કાર કરવાના એલાનો થાય છે ! છતાં દેશના જિમ્મેદારોના મોઢેથી તેના વિરદ્ધ એક શબ્દ પણ નથી નીકળતો ! વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડ્ગે હેટ સ્પીચ વિશે ચર્ચાની માગ કરે છે તો સત્તાવાળા તેની અનુમતિ પણ આપવા માટે રાજી નથી થતા. આ સર્વ સ્થિતિઓ નિર્દેશ આપી રહી છે કે જો સમય રહેતાં હોશમાં ન આવ્યા અને અત્યાચારનો આ ક્રમ બંધ ન કરવામાં આવ્યો તો આપણો આ દેશ સખત કટોકટીનો ભોગ બની જશે. શ્રીલંકાની અવદશામાં હિંદુસ્તાન માટે બોધ છે તેનાથી બોધગ્રહણ કરવો એ જ અકલમંદીનો તકાદો છે. *(સદાએ ઈસ્લામ, અઝ : અબ્દુલ માજિદ નિઝામી, sadaeislam.in)*

Web.: www.barkatekhwaja.net

## મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરાનો ઈનામી જલસો યોજાયો

તા. ૨૩–૩–૨૦૨૨ શનિવારે ઈશા બાદ દયાદરા મોટા ચકલા પર મઝકૂર મદ્રસાના તલબા તથા તાલિબાતનો ઈનામી જલસો શાનદાર રીતે હઝરત સૈયદ ફરીદબાવા બડાસાહબ સાબરી સાહબની સદારતમાં તથા મૌલાના તૌસીફ રઝા હલદરવી, મૌલાના દસ્તગીર મિસ્બાહી, મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી તથા અન્ય ઉલમા, હુફફાઝની હાજરીમાં આયોજિત થયો હતો. મોટી સંખ્યામાં તલબા તાલિબાત ઉપરાંત ગ્રામ્યજનો સુન્ની ભાઈઓ બહેનોએ હાજરી આપી. જનાબ કારી મકસૂદ સાહબ કાવીવાળા (હાલ–સદર મુદર્રિસીન મદ્રસા હાઝા)ની નિઝામત હેઠળ તલબાએ કિરાઅત, નઅત શરીફ, મન્કબત તકરીરો તથા સવાલો જવાબના મુકાલમા પેશ કરી હાજરજનોને ખુશ કરી આપ્યાં હતાં. નમાઝ, રોઝા વગેરેના મસાઈલ તથા વિવિધ દુઆઓ તથા વહાબી દેવબંદી વગેરે બાતિલ ફિર્કાઓની બદઅકીદગીની ઝલક વગેરે પેશ કરી તેમનાથી દૂર રહેવા અવામને તલબાને સમજાવ્યા હતા. છેવટમાં મદ્રસાના ટ્રસ્ટીઓ હાફિઝ સાદિક બાજીભાઈ, ફારૂક ભા, આડીયા દાઉદભાઈ, શબ્બીર પટેલ રઝવી તથા અન્ય ગામના સુન્ની વડીલો થકી તલબા તાલિબાતમાં ૧ થી ૫ નંબર લાવનારને ઈનામોનું વિતરણ કરાયું હતું. દરબાર લાંગ્યા તરફથી અલગથી ઈનામો આપાયાં હતાં. જલસો ખૂબ જ કામયાબી સાથે સલાતો સલામ દુઆ પર ખત્મ થયો હતો.

## મુખ્તારુલ મસાજિદ–દયાદરામાં તફસીરે કુર્આનની મેહફિલ

રમઝાન શરીફની શરૂઆતથી જ દર વરસની જેમ ચાલુ સાલે પણ દરરોજ અસરની નમાઝ બાદ દુરૂદ શરીફની મેહફિલ પછી તરત હઝરત મૌલાના તૌસીફ રઝા હલદરવી સાહબ થકી આખો મહીનો કુર્આને પાકની તફસીર કરવામાં આવી, જેમાં આપે ઈલ્મની રોશની વિખેરી હાજરજનોનાં દિલોને મુનવ્વર કરી દીધાં હતાં. તેમજ ૩–રમઝાન શરીફ વિસાલે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના દિવસે ખત્મે યાસીન બાદ આપની શાનમાં તેમજ ૭–રમઝાન શરીફ વિસાલે ખદીજતુલ કુબરા رضی اللہ عنہاની શાનમાં બયાનો પણ કર્યાં હતાં.

**માસર** : (તા. પાદરા, જિ. વડોદરા) ખાતે "મસ્જિદે આઈશા"નું નવું બાંધકામ થઈ જતાં ઈફ્તેતાહિયા જશ્ન શાનો શૌકતથી હઝરત મૌલાના મુફ્તી સૈયદ સરફરાઝ (પાદરા) સાહબની સદારતમાં વિવિધ સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, હુફફાઝે કિરામ, અઈમ્મા હઝરાત, મુબલ્લિગો તથા અવામે અહલે સુન્નતે હાજરી આપી હતી. જેમાં મુંબઈથી તશરીફ લાવેલ જનાબ મૌલાના સાદિક રઝવી (રુકન : મજલિસે શૂરા–સુન્ની દા'વતે ઈસ્લામી)એ હાજરી આપી મસ્જિદ બનાવનારા માસરવાસીઓને મુબારકબાદી સાથે દુઆઓ આપી બાદમાં મસ્જિદની ફઝીલત તથા મસ્જિદને કઈ રીતે આબાદ રાખવી એ સંબંધે પોતાની આગવી શૈલીમાં સચોટ અસરકારક બયાન કર્યું હતું. સલાતો સલામ દુઆ પર જશ્ન સમાપ્ત થયો હતો.

**ચનવાડા (તા. ડભોઈ)** : ખાતે તા. ૨૯–૩–૨૦૨૨ના રોજ ઈશા બાદ નવાજવાન દિલોની ધડકન, મુકર્રિરે ઝીશાન, આલે રસૂલ, ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તશરીફ લાવ્યા હતા. લાંબા ઈન્તેઝાર પછી ચનવાડા (તા. ડભોઈ) ખાતે સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામ, અઈમ્મા, મુબલ્લિગીન હઝરાતથી સજાવાયેલા સ્ટેજ પરથી "ઈસ્લાહે મુઆશરા કોન્ફ્રન્સ" રૂપે યોજાયેલ જલસામાં સૈયદ સાહેબે પોતાની આગવી છટામાં ખૂબ જ ઈલ્મી ગુફતગૂ તથા બોધદાયક ગુફતગૂ કરીને સાચા સૂફી કોણ તેના સંબંધે તથા અન્ય શરીઅતની પાબંદી સંબંધી વાતો પેશ કરી અવામની ઈસ્લાહની ભરપુર કોશિશ કરી હતી. પ્રોગ્રામ ખૂબ જ કામયાબી સાથે દુઆ સલાતો સલામ પર ખત્મ થયો હતો.

## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાનાં આગામી લાજવાબ પ્રકાશનો !

**મિર્અ્તુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ-૩) પેજીસ-૫૫૨

**અઝ** : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

અલ્હમ્દુલિલ્લાહ ! મિશ્કાત શરીફની શરહના ભાગ-૧ તથા ભાગ-૨ બાદ, હવે ત્રીજો ભાગ ટૂંક સમયમાં આપના હાથોમાં આવી જશે, ઈન્શા અલ્લાહ ! જેમાં ઝકાત વિશે, રોઝા વિશે, દુઆઓ વિશે, ઝિક્રુલ્લાહ વિશે, ઉશ્ર, સદક઼ા, ભીખ વિશે, સખાવત, કંજૂસી, અલ્લાહ તઆલાનાં નામો, તેની ફઝીલત, ઈસ્મે આ'ઝમ વિશે, તૌબા તથા બખ્શિશ વગેરે વિશે હદીષો તથા તેની વિગતવાર સમજૂતી દર્શાવી છે.

**ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર** (પેજીસ : ૧૨૦ આશરે)

**અઝ** : હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી : જામિઆ અશ્રફિયહ મુબારકપુર)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

ટૂંક સમયમાં પ્રસિધ્ધ થશે જેમાં પોસ્ટ તથા બેંકના વ્યાજ વિશે ખુલાસો તથા LIC તથા શેરબજાર, ઈકોમર્સ, ફોરેક્ષ ટ્રેડિંગ, નેટવર્ક માર્કેટિંગ, મ્યુચ્યુઅલ ફંડ, મેડિકલેમ વગેરે અનેક આધુનિક ઉઠતા પ્રશ્નોના ખુલાસા છે.

**અંજુમનના મેમ્બર ડોનરોને વરસભર છપાતી કિતાબો ઘર બેઠાં ફ્રીમાં મળશે.**

(મેમ્બર, ફી રૂા. ૮૦૦/- રાખેલ છે) નીચેના સરનામે સંપર્ક કરો :-

**સરનામું** : C/o. ફય્ઝાને રઝા મંઝિલ, **દયાદરા**-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

www.barkatekhwaja.net

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૨૨-૩-૨૦૨૨, મુ. ચાંદ ૧૮ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૩ મંગળવારના રોજ નઝમાબહેન યૂનુસ બાંગીસાહબનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. ❑ તથા હાજી વલી બોરડીવાલાનો તા. ૨-૪-૨૦૨૨, મુ. ચાંદ ૨૯ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ ઈન્તેક઼ાલ થઈ ગયો છે. અલ્લાહ કરવટ કરવટ મગફિરત ફર્માવે.
- **પારખેત** : (તા.જિ. ભરૂચ) ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના કાર્યકર્તા, જુમ્આ મસ્જિદ-પારખેતના ટ્રસ્ટી જનાબ જાવિદભાઈ મોઢી તા. ૯-૪-૨૦૨૨, મુા. ચાંદ ૭ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **ભરૂચ** : (સોનેરી મહેલ-મલેકવાડ) ખાતે ફાતિમાબીબી વઝીરખાનનો તા. ૮-૪-૨૦૨૨ના રોજ ઈન્તેક઼ાલ થયો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*